Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૩ જું. સને ૧૯૧૧. અગષ્ટ. અંક ૫ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,

સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ—શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ... | ૧૨૯ | માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ... | ૧૫૧ |
| વચનામૃત. ... | ૧૩૨ | દૂરજતાપુત્રપ્રત્યે પિતાની શિક્ષા. | ૧૫૪ |
| કષાય ચતુષ્ટય—માયા. ... | ૧૩૭ | દેવી પ્રાર્થના. ... | ૧[illegible] |
| આધુનિક સમય. ... | ૧૩૯ | તીર્થયાત્રાનું વિમાન ને જૈન ગુરૂકુળ. ... | ૧[illegible] |
| જગતકર્તૃત્વ વાદ ચર્ચા. ... | ૧૪૨ | દયાનું દાન કે દેવકુમાર. ... | ૧[illegible] |
| સદાચાર.... ... | ૧૪૩ | | |


## શ્રી અમદાવાદની શ્રાવિકા ઉદ્યોગશાળાનો માહે જુલાઈ સને ૧૯૧૧ નો વૃતાંત.

ગયા માસની સીલક રૂ ૫૧-૭-૬. જમા—શા. પુંજાભાઈ હીરાચંદ તરફથી માહે જુનના રૂ ૩૦-૦-૦. શ્રી વ્યાજ ખાતે રૂ ૩-૮-૦. શ્રી ઉદ્યોગ ખર્ચ ખાતે રૂા. ૦-૧૨-૦ શ્રી મજુરી ખાતે રૂા. ૧-૮-૦ શ્રી પર ચુરણ ખર્ચ ખાતે રૂ ૦-૨-૩. શ્રી ભેટખાતે અમદાવાદ પાંજરા પોળના ચોકસી કીલાભાઇ ભીજમશી તરફથી રૂ ૧૦-૦-૦. કુલ રૂ ૯૭-૫-૯. તેમાંથી બાદખર્ચ—શ્રી પગાર ખાતે માહે જુનના રૂ ૩૪-૮-૦ શ્રી પરચુરણ ખર્ચ ખાતે રૂા. ૧૫-૩-૯ શીખનાર બાઇઓને સ્હાય આપવા ખાતે રૂા. ૦-૧-૦ શ્રી ઉદ્યોગ ખર્ચ ખાતે રૂા. ૦-૮-૦ શ્રી મજુરી ખાતે રૂ. ૧-૮-૦. શ્રી મકાન ભાડાખાતે રૂ. ૧૬-૦-૦. કુલ રૂ. ૬૭-૧૨-૯. બાકી સીલક રૂા. ૨૯-૯-૦

શીખનાર બાઇઓની જાતવાર સંખ્યા—વીશા શ્રી માળી ૮૦. દશા શ્રી માળી ૯. વીશા ઓસવાળ ૮. દશા ઓસવાળ ૧. વીશા પોરવાડ ૧૩. દશા પોરવાડ ૩. પરચુરણ ૨. કુલ નંબર—૧૧૬. દરરોજની સરાસરી હાજરી ૬૮.

ધંધાવાર સંખ્યા—ભરત ભરનાર—૮૯. શીવણ કરનાર-૧૯. ગુંથણ કરનાર—૮.

સ્થિતિ વાર સંખ્યા—સધવા ૬૦. વીધવા ૨૮. કુમારી ૨૮.

શ્રી "બુદ્ધિપ્રભા ઓફીસ તરફ.<br>રવના તા. ૨ જી ઑગસ્ટ સને ૧૯૧૧

શા. મનસુખ અનોપચંદ,<br>ઑનરરી સેક્રેટરી.

# બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहृद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી અગષ્ટ. સન ૧૯૧૧ અંક ૫ મો.

## वसंत तिलका.

" પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. "

હું કોણ છું ? જગતમાં કઈ વસ્તુ મ્હારી,
ઉંડા વિચાર કરતાં જીવ ખુબ મુંઝે;
મોટો થયો હવે અરે મન જો વિચારી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧
વાતો કરી બહુ નિરર્થક આયુ ગાળ્યું,
લોકો લડાવી જગમાં બહુ કર્મ બાંધ્યું;
અજ્ઞાનવાસિત મન થઈ ખૂબ મ્હાલ્યો;
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૨
વિશ્વાસઘાત પરના બહુ વાર કીધા.
નિન્દા કરી અવરને બહુ આળ દીધાં;
દ્વેષે બહુ ધમધમ્યો કરી ક્રોધ ભારી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૩

જુઠું વધો દિવસમાં બહુ વાર લોભે,
ચોરી કરી અવરની છળ ખૂબ તાકી;
કામાભિલાષ મનમાં નહિં ચિત્તશુદ્ધિ,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૪

મ્હારૂં કરી મન વિષે બહુ પાપ કીધું,
દુર્ધ્યાનના વશ થઇ શુભ ના વિચાર્યું;
દીધું ન દાન પરને કરૂણા કરીને,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૫

સેવા કરી ન ગુરૂની બહુ ભાવ લાવી,
કીધી ન ભક્તિ ગુરૂની નહિં જ્ઞાન લીધું;
સત્સેવના કરી નહિ શુભ બુદ્ધિ લાવી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૬

દુષ્કૃત્યના વશ થયો શુભ કૃત્ય ભુલ્યો,
મોહે અરે ભવપયોધિ ન પાર પામ્યો;
કીધી ન ઉત્તમ દયા જગમાં જીવોની,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૭

થૈ આશ દાસ જગમાં મન માન્યું ખાધું,
શોભા કરી તનુ તણી બહુ ખેલ ખેલ્યો;
સેવ્યો પ્રમાદરિપુને બહુ પ્રેમ લાવી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૮

હાંસી કરી અવરની ખુબ ચિત્ત રીઝ્યો,
માની બની મન વિષે ખલુ ખૂબ ફૂલ્યો;
ભૂલો પડ્યો ભવ વિષે થઇ મોહ ઘેલો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૯

વાંચ્યુ ઘણું નહિ રહ્યું મન ઠામ ક્યારે,
વક્તા થઈ કર્યું નહિ શુભ કાર્ય સારૂં;
જ્ઞાની થઇ ધરી નહિ પરમાર્થવૃત્તિ.
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૦

ચિત્તે ધરી નહિ અરે કરૂણા જીવોની,
પ્રેમે ધરી નહિ અરે મનમાં જ મૈત્રી;
મધ્યસ્થ ભાવ મનમાં શુભના વિચાર્યો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૧
કીધી ધમાધમ બહુ કરી ખૂબ ચર્ચા,
વાવ્યાં અરે મહીં વિષે બહુ કલેશ બીજો;
ભૂલ્યો ભણી તજી અરે શુભ આત્મવૃત્તિ,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૨
કાન્તા વિષે મન દિધું ધરી મોહ માયા,
શુદ્ધોપયોગ મનમાં ઘડીએ ન ધાર્યો;
શિક્ષા ધરી મન વિષે નહિ સત્ય શોધ્યું,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૩
સ્વાર્થો તજી નહિ કર્યા પરમાર્થ કાર્યો,
ધાર્યો ન પ્રેમ જગમાં સહુ જીવ સાથે;
ભૂલો પડયો દુઃખ લહ્યો નહિ એક આરો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી, ૧૪
ક્રોધી થઇ ઝટ કર્યા બહુ કર્મ કાળાં,
ઘાતો કરી મન વિષે પરજીવનીરે;
સાધ્યું ન સાધુ થઈ સંવર કાર્ય સારૂં,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૫
ભૂલ્યો હવે ફરી ગણું થઇ શુદ્ધ વૃત્તિ,
નક્કી ધરૂં મન વિષે પરમાત્મ ભક્તિ;
જાગ્યો હવે મન ધરૂં પરમાત્મ વાણી,
બુદ્ધચબ્ધિ ધર્મ ધરિને કરી શું કમાણી. ૧૬

સંવત ૧૯૬૭ આશાડ વદિ ૧

મુંબઇ લાલબાગ.

# वचनामृत.

(લેખક મુનિ બુદ્ધિસાગર.)

૧ ધર્મનો ફેલાવો કરનારા વિદ્વાનો છે. મૂર્ખો ધર્મનો બોધ દેવાને અને તેનો ફેલાવો કરવા શક્તિમાન્ થતા નથી. જે ધર્મમાં ધર્મના નેતાઓનું પદ મૂર્ખાઓ ભોગવે છે તે ધર્મની પડતી થયાવિના રહેતી નથી.

૨ જ્ઞાનવિના ધર્મનું સ્વરૂપ સમજાતું નથી. જ્ઞાનવિના ક્રિયાઓનાં રહસ્ય સમજાતાં નથી. જે ધર્મમાં જ્ઞાનવિના કુલાચારે ધર્મની ક્રિયાઓ કરવામાં આવે છે તે ધર્મના મનુષ્યો કુવાના દેડકા સમાન છે. પોતાના ધર્મની પ્રશંસા તો દરેક ધર્મવાળાઓ કરે છે અને પ્રત્યેક ધર્મવાળાઓ પોતપોતાના ધર્મને સત્ય કહેછે પણ સત્યને અપેક્ષાએ સમજ્યાવિના પ્રત્યેક ધર્મવાળાઓ ભૂલ કરે છે. જૈન ધર્મશાસન અપેક્ષાએ સર્વવસ્તુઓના ધર્મને ગ્રહણ કરે છે માટે સર્વદા સર્વથા જૈનશાસન સર્વધર્મોના સત્યાંશને ગ્રહણ કરે છે તેથી તે મહાન્ ધર્મ કહેવાય છે.

૩ કોઈના ધર્મની નિન્દા કરવામાત્રથી પોતાના ધર્મનો ઉદય થતો નથી. અન્ય ધર્મ પાળનારાઓ ઉપર દ્વેષ ન પ્રગટવો જોઇએ કિન્તુ કરૂણાભાવ પ્રગટવો જોઇએ. જૈનધર્મની ઉન્નતિ કરવી હોય તો જૈનધર્મનાં તત્ત્વોનો પ્રસાર કરો. જૈનતત્ત્વો જગતને સમજાવો અને સર્વજીવોને શુદ્ધપ્રેમથી ધર્મનું સ્વરૂપ સમજાવો પણ કોઇના ઉપર દ્વેષ કરો નહિ. અન્ય ધર્મ પાળનારાના ઠેકાણે તમે પણ કોઈ વખત હતા પણ તેઓનું બુરૂં ન ચિંતવતાં અન્યોનું ભલું કરવા પ્રયત્ન કરો.

૪ આખી દુનિયામાં કયો ધર્મ વિશેષ ફેલાય અને તે શાથી તો તેના ઉત્તરમાં કહેવું પડશે કે તેનામાં સત્ય દયા અને શુદ્ધપ્રેમ હશે તે ધર્મ જગતમાં ફેલાશે—વિશાલ દૃષ્ટિથી ધર્મનો ફેલાવો થાય છે અને સંકુચિત દૃષ્ટિથી ધર્મનો વાડો વાળી શકાય છે.

૫ મધ્યસ્થ દૃષ્ટિથી જગતના સર્વધર્મોનાં તત્ત્વો વિચારો અને પક્ષપાત ત્યાગીને જે જે ધર્મમાં જે જે અંશે સત્ય રહ્યું હોય તેનો સ્વીકાર કરો. સમજવાથી સત્ય ધર્મ પ્રાપ્ત થાય છે. રાગ અને દ્વેષની મલીન દૃષ્ટિથી સત્યધર્મનું રહસ્ય સમજી શકાતું નથી.

૬ સત્યતત્ત્વ સમજવાને માટે જ્ઞાનિયોની સંગતિ કરો—સત્યની સિદ્ધિ અને અસત્યને જુદું પાડવાની શક્તિ પ્રાપ્ત કરો.

૭ સ્યાદ્વાદ ધર્મનું સ્વરૂપ ગુરૂગમપૂર્વક સમજવામાં આવે તો સત્ય હાથમાં આવશે અને પક્ષપાતદૃષ્ટિનો નાશ થશે—પૂર્વકાલમાં જૈનધર્મ જગત્માં સર્વત્ર ફેલાયો હતો તેનું કારણ આજ હતું. જૈનધર્મનું સ્વરૂપ જો નયોની અપેક્ષાએ પરિપૂર્ણ સમજાય છે તો દુનિયાના સર્વધર્મોનું સ્વરૂપ સમજી શકાય છે.

૮ ધર્મનો ફેલાવો કરનારા સાધુઓ છે. સાધુઓ પણ વિદ્વાન્ હોવા જોઇએ. તેમની ભક્તિ કરવી જોઇએ. સાધુઓ તત્ત્વજ્ઞાનના માર્ગમાં પ્રવેશ કરશે અને જગત્ના કલ્યાણ માટે સર્વ મનુષ્યોને પોતાના આત્મસમાન ગણી બોધ આપશે ત્યારે જૈનધર્મનો ઉદય થશે.

૯ પોતાનો ધર્મ સારો છે એમ તો પ્રત્યેક મનુષ્યો કહે છે. પણ પોતાના ધર્મની ખુબીઓ બતાવ્યાવિના તેનો સ્વીકાર થતો નથી. અજ્ઞાની મનુષ્યો પશુઓજેવા છે તેઓને ગમે તે ધર્મનો વિદ્વાન્ પોતાના ધર્મમાં લેઇ જાય છે. અજ્ઞાનીઓ નાના બાળક જેવા છે તેઓનાથી ધર્મનો ફેલાવો થઈ શકતો નથી અને તેઓ આંખ મીચીને મોક્ષના માર્ગમાં દોડે છે.

૧૦ દયા, પ્રેમ, સત્ય, સમતા, ભક્તિ સુવ્રત, સર્વત્ર, સમાનભાવ, અને વૈરાગ્ય આદિસદ્‌ગુણોવિનાનો વિદ્વાન્ બાવળના વૃક્ષસમાન જગત્માં કલેશના કાંટા વેરે છે અને જગત્માં પોતાનો ધર્મ ફેલાવી શકતો નથી. સદ્‌ગુણોથી મનુષ્યોનું ધર્મમાં આકર્ષણ કરી શકાય છે. કોઈ પણ ધર્મના તત્ત્વોની અસત્યતા: જે જે અંશે હોય તેને તમે દલીલોથી અસત્ય ઠરાવી શકો તો તે યોગ્ય છે પણ અન્યધર્મીના પર અરૂચિ દ્વેષ અને તેની જાતનિંદા કરવાનો તમને અધિકાર નથી. અન્ય ધર્મીઓની નિન્દા કરવાથી પોતાની તથા પોતાના ધર્મની ઉન્નતિ થઇ શકતી નથી. અન્યધર્મીઓને સત્ય ધર્મ અને અસત્યધર્મનો ભેદ સમજાવો પણ તેઓની જાત નિન્દા કરશો તો આત્માનો ગુન્હો કરશો. કોઇની જાતનિન્દા કરી તેની લાગણી દુઃખવવાનો તમને કોઇએ હક્ક આપ્યો નથી. કોઇની જાતનિન્દા કરવી તે એક પ્રકારની હિંસાજ છે.

૧૧ કોઇના ઉપર જુવો ત્યારે મનમાં મૈત્રી ભાવના રાખશો. તમારામાંજ સર્વ સદ્‌ગુણો છે અને અન્ય સર્વે દોષી છે એવી દષ્ટિથી કોઇને દેખશો નહિ. તમો અન્યને જેવા ધારો છો તેવા તમને પણ અન્ય ધારતા હશે. તમો અન્યને દોષી દેખશો તો અન્ય તમને દોષી દેખશે. તમારે દુનિ-

યામાંથી સાર ગ્રહણ કરવું હોયતો સર્વત્ર ગુણદૃષ્ટિથી ગુણ લેવાનો અભ્યાસ પાડવો.

૧૨ મૂર્ખાઓના વિચારો સાંકડા અને અજ્ઞાનથી ભરપૂર છે. મૂર્ખાઓ વિદ્વાનો માટે ગમે તેવો અભિપ્રાય બાંધે તેથી વિદ્વાનોએ ડરી જવું નહિ. લાખો નિરક્ષર અજાણ મનુષ્યોના અભિપ્રાય કરતાં એક તત્ત્વજ્ઞાની મહાત્માના અભિપ્રાય ઉપર લક્ષ્ય આપવું–મૂર્ખાઓની વાહવાહથી અને તેઓની ભક્તિથી તમે પોતાને મહાન્ ધારશો નહિ. જ્ઞાનિનો અભિપ્રાય અમૂલ્ય છે. રાગ, દ્વેષ, સાંકડી દૃષ્ટિ, મમત્વ, દ્વેષ, નિન્દા, કલેશ, વૈર આદિ દુર્ગુણો જેનામાં છે તેવા મૂર્ખાઓ પોપટની પેઠે ભલે ભણી ગયા હોય પણ તેઓનું હૃદય ઉચ્ચ હોતું નથી તેઓના વિચાર પ્રમાણે ચાલનારાઓ દુઃખથી મુક્ત થતા નથી.

૧૩ ધર્મી બનાવવાના પહેલાં મનુષ્ય બનો. મનુષ્યપણું સદ્ગુણો વિના કહી શકાતું નથી. દરેક બાબતનો વિચાર કરો. પોતાની અક્કલ ઘરાણે મૂકીને અન્યની અક્કલના દોરાયા ચાલીને પશુ સમાન ન બનો. તમારી અક્કલ કોઇ પણ પ્રકારે કોઇ વસ્તુનો નિશ્ચય કરવા સમર્થ ન થાય ત્યારે તમે જ્ઞાની ગીતાર્થના વચનપર વિશ્વાસ રાખો પણ સામાન્ય અક્કલવાળા કંઇ કહે તે ઉપર એકદમ અભિપ્રાય બાંધશો નહિ. કોઇ પણ બાબતનો અભિપ્રાય બાંધતાં પહેલાં ચારે બાજુઓથી તપાસ કરશો. મુદત લંબાવશો. ધીરજ રાખશો પણ એકદમ મનમાં આવે તે પ્રમાણે કરી દેશો નહિ. પરીક્ષાપૂર્વક તત્ત્વને ગ્રહણ કરશો.

૧૪ કોઇપણ મનુષ્ય સંબંધી અભિપ્રાય બાંધતાંપૂર્વે પૂર્ણ વિચાર કરશો અધુરાને કોઇપણ બાબતનો અભિપ્રાય આપવાને હક્ક નથી. અધુરાને પરીક્ષાનો હક્ક નથી. અધુરાની દૃષ્ટિ અધુરી હોય છે તેથી તે કોઈ પણ બાબતનું પૂર્ણ સ્વરૂપ વિલોકી શકતો નથી. અધુરાની પણ પરીક્ષા કરવી તે પણ વિચારવા યોગ્ય છે.

૧૫ હજારો મૂર્ખ, કલેશી અને અવિનયી શિષ્યો કરતાં જ્ઞાની સદ્ગુણી અને વિનયી એક શિષ્ય સારો. શિષ્યના ધર્મ સમજ્યા વિના શિષ્ય થવાનો અધિકાર નથી શિષ્યનો ધર્મ સમજ્યા વિના શિષ્ય થવું તે એકતો ગુન્હો છે. ગુરૂનો ધર્મ સમજ્યા વિના ગુરૂ થવું તે પણ એક જાતનો ગુન્હો છે.

૧૬ કોઇ પણ પદવી યોગ્ય લેતાં પહેલાં તેના ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. પદવીને પ્રાપ્ત કરીને મકલાશો નહિ કિન્તુ સ્વપરની ઉન્નતિ કરવામાં

પ્રવૃત્તિ કરો. ઇર્ષ્યા એ અવનતિનું મૂળ છે. જે મનુષ્ય અન્યને ખાડામાં પાડવા પ્રપંચો રચે છે તે પોતાને હાથે મશાણુ અને ઘોરને બનાવે છે.

૧૭ પોતાની નિન્દા અને સ્તુતિ તરફ બ્હેરા બનશો. તમારૂં સ્વર્ગ તમારા આત્મામાં છે અને નરક પણ તમારા આત્મામાં છે મતલબ કે તમારો આત્મા ઉચ્ચ થશે તો સ્વર્ગમાં જશો અને તમારો આત્મા દુર્ગુણોથી નીચ બનશે તો નરકમાં જશો.

૧૮ લક્ષ્મીવંતોને લક્ષ્મીથી માન મળતું નથી પણ લક્ષ્મીના ત્યાગથી માન મળે છે. કોઇ પણ સ્થાનમાં લક્ષ્મી વાપર્યા વિના અથવા વાપરશો એવું જાણ્યા વિના લક્ષ્મીવન્તને કોઇ માન આપતું નથી. ખરી લક્ષ્મી તમારા આત્મામાં છે અને જૂઠી લક્ષ્મી તમારી આંખ આગળ છે. જૂઠી લક્ષ્મીના દાસ બનવા માટે મનુષ્યજન્મ નથી પણ ખરી લક્ષ્મીના સ્વામી બનવા માટે મનુષ્યજન્મ છે.

૧૯ તમે તમારી જે કિમ્મત ઠરાવો છો તેના કરતાં અધિક કિમ્મત કોઇ કરશે નહિ.તમારી વૃત્તિ જેવા તમેથશો. તમારૂ ભવિષ્ય, વર્તમાનમાં તમે રચોછો. તમારા ભવિષ્યના નસીબના તમે વર્તમાનમાં સ્વામી છો.

૨૦ આત્મ વિશ્વાસ એજ સુખનું મૂળ છે. તમારૂં હ્રદય જેવું છે તેવા તમે છો. દુનિયાના કહેવા ઉપર આધાર રાખશો નહિ. તમારી પરીક્ષાનો દુનિયાને શો હકક છે. તમારી પરિક્ષા તમે જાતેજ કરી શકો છો.

૨૧ જે લખો તે દુનિયાના ઉદ્ધાર માટે લખો. દુનિયામાં સર્પની જીવ્હા ધારણ કરો નહિ. રાક્ષસી વિચારો કરો નહિ. મોટા સદ્દગુણોથી મહાન્ થવાય છે. પણ કોઇનો નાશ કરીને કદી મહાન્ થવાના નથી.

૨૨ સદાકાલ નિર્ભય રહો. નિર્ભય આત્મા સર્વત્ર અભયને દેખે છે અભય રૂપ તમે છો. શા માટે ભયના વિચારો કરી દુઃખી થાઓ છો. હું દેહ નથી. મન નથી પરબ્રહ્મ છું. મને કોઇ જાતનો ભય નથી એવી ઉત્તમ ભાવના ભાવો. ગામડાઓમાં બીતિનાં ચિન્હ બતાવતાં શેરીઓનાં કૂતરાં ભસે છે. અન્યોને શંકા પડે છે. નિર્ભયતામાં દુઃખનું સ્વપ્નું છે.

૨૩ દુનિયામાં સત્ય સર્વત્ર છે. સત્ય ધર્મ કોઇના ત્યાં રજીષ્ટર કરી આપ્યો નથી. નાતિ અને જાતિના ભેદોમાં સત્ય ધર્મ છે. સત્ય ધર્મના સર્વે અધિકારી છે. સત્યને અજ્ઞાન બે ભિન્ન ભિન્ન છે. સત્યની ભાવના કરો. શ્રી કેવલિપ્રભુએ સત્યધર્મનો ઉપદેશ આપ્યો છે તે લક્ષ્યમાં ધારો સત્ય ધર્મના કિરણોનો પ્રકાશ પોતાની મેળે સત્યતાનો નિશ્ચય કરાવી શકશે.

૨૪ સત્યધર્મ આત્મામાં છે તેનો પ્રકાશ કરો. સત્ય સુખ આત્મામાં છે. ક્ષણિક સુખમાં વ્યર્થ જીવન હોમો નહિ. મન વાણી અને કાયાને સ્વસ્થ કરો. આત્માના પ્રકાશથી સર્વને પ્રકાશો. તમારા આત્માની બરોબરી કરનાર કોઇ જડ વસ્તુ નથી. જડ વસ્તુઓના તમે દાસ નથી માટે જડ વસ્તુઓનું મમત્વ દૂર કરો. જ્ઞાનવિના તમારો આત્મા અન્યોનો દાસ છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરો.

૨૫ દુનિયા તમારાથી વિરૂદ્ધ પડે તેથી તમે ગભરાતા નહિ. તમારા આત્માને પવિત્ર બનાવો. તમો પવિત્ર છો તો જગતના ટેટં શબ્દોથી તમારૂં કાંઇ બુરૂં થવાનું નથી.

૨૬ આધિ નષ્ટ થતાં વ્યાધિ નષ્ટ થશે. માનસિક નિર્મલતાથી શરીર તંદુરસ્ત રહે છે મનુષ્યો મનથી ઘણા રોગોની ઉત્પત્તિ કરે છે. ભય, શોક, ચિન્તા, દીનતા વગેરેના વિચારોને મનમાંથી કાઢી નાખો. અનેક પ્રકારના વ્હેમને દૂર કરો. પશ્ચાત્ ઘણા રોગોને આવતા તમે અટકાવી શકશો.

૨૭ સ્વાર્થ બુદ્ધિ ત્યાગીને પરોપકાર કરો. પ્રતિબદલો લેવાની બુદ્ધિ ત્યાગીને તમે દાન વગેરે કરશો તો તેથી તમારૂં ઉચ્ચ જીવન થશે. અન્યને કંઇ પણ આપવાથી ઉચ્ચ થશો. કંજુસાઇ અને દીનતાના વિચારને દૂર કરો.

૨૮ તમારા માર્ગમાં તમે હાથે કાંટા ન વેરો. તમારો માર્ગ ખુલ્લો કરો. સર્વના ભલા માટે તમારૂં હૃદય ખુલ્લું કરો. તમારા હૃદયથી સર્વ જીવોને ભેટો અને અન્યનાં અશ્રુઓ લ્હુવો. તમારા સરલ સત્ય માર્ગમાં આગળ વધો. દુનિયા શું કહેશે ? તેપર લક્ષ્ય ન આપો. કલેશના કાંટાઓને પગતળે દબાવીને તે ઉપર ચાલો. તમો સહનથી સંકટ વેઠીને તમારૂં કાર્ય સાધશો તો અન્તે દુનિયા તમારા કાર્યને પ્રશંસશે.

૨૯ જાહેર હિમ્મત ધારણ કરો. તમારા સત્યને જગતમાં બ્હાર લાવો. સત્યની પ્રરૂપણા કરો. સત્યનો પ્રકાશ છાનો રહેશે નહિ સત્યથી તમારો ઉદ્ધાર થવાનો છે.

૩૦ જગતના ભલા માટે કંઇક ભલું કાર્ય કરો. ભવિષ્યની ચિન્તા ન કરો. તમારી પાસે જે કંઇસાર છે તે સર્વના માટે છે એમ માની તેનું દાન કરો.

૩૧ સર્વ જીવોની સાથે બંધુભાવ ધારણ કરો. તમારા શત્રુઓનું પણ ભલું ચિંતવો.

૩૨ દુનિયામાં કોઇ પણ બાબત માટે બે અભિપ્રાય પડે છે. દુનિયાના બોલવાપર એકદમ વિશ્વાસ ન મૂકો. જાતે તપાસ કરો અને તેની પરીક્ષા કરો. વિચાર કર્યા વિના કોઇ પણ જાતનો અભિપ્રાય બાંધવો નહિ. તેમજ એકદમ કોઇ બાબતનો અભિપ્રાય બદલવો નહિ.

---

# कषायचतुष्टय.

## માયા.

( લેખક. ભીખાભાઇ છગનલાલ શાહ. )

( બીજા વરસના અંક બારમાના પાને ૩૭૨ થી અનુસંધાન. )

મનનું મલીનપણું તેજ માયા છે. દંભ, છાનું પાપ, ગુપ્ત બાજી, ઠગવિદ્યા, કુડ કપટ, સર્વત્ર અવિશ્વાસ, પરન્યાસાપહાર, છળ, મંત્રભેદ, કુટિલપણું, ગૂઢામારિપણું વિશ્વાસઘાત, વિગેરે વિગેરે માયાના પર્યાયો પ્રાણીને ક્રોડો ગમે ભવભ્રમમાં નાંખે છે.

માયા તે મનની વિશુદ્ધિને આવરણ કરનારી મળીન છાયા છે. રાત્રીની છાયા ( અંધકાર ) જેમ સૃષ્ટિને શૂન્ય કરે છે આકારરહિત કરે છે તેમ આ છાયા મનની શુદ્ધિને રોકી, અર્થાત્ હૃદયમાં અંધકાર ફેલાવી આત્માને અથડાવે છે.

" જુઠું બોલવું, કોઇનો વિશ્વાસ ન રાખવો, પોતાઉપર કોઇ પણ વિશ્વાસ ન રાખે તેવું પોતે આચરણ રાખવું, " અબી બોલ્યા અબી ફોક" એ પ્રમાણે વર્તવું, " ચક્રને ફરતાં જેટલીવાર તેટલી પોતાને પોતાની બોલીમાં ફરી જતાં વાર " તે પ્રમાણે ચાલવું, દરેક માણસ સાથે સ્વાર્થપુરતો જ સ્નેહ રાખવો પછી તેને તરછોડી મેલવો, પોતાનો સ્વાર્થ સાધવા માટે પારકાનું ગમે તેટલું નુકશાન થતું હોય તો તે થવા દેવું, વિગેરે વિગેરે તમામ અનર્થો એ માયાનાજ પરિણામ છે. જગત્માં ચોરી, છીનાળી વિગેરે માયા માટેજ—માયાથીજ થાય છે અને આખું જગત માયામાંજ લુબ્ધ છે. માયા સ્વાર્થનીજ માતા છે અને તેથી આખું જગત સ્વાર્થી કહેવાય છે. મોહરાજાનું પ્રાણીઓને ફસાવવાનું અમોઘ—બાણ હોય તો તે માયાજ છે. માયા જીતી તેણે સઘળું જીત્યું. માયા કહો કે અશુદ્ધ મન કહો તે એકનું એકજ છે. આખું જગત માયામાં ફસાયેલું છે અને તેથીજ તેવી દુર્જય માયાને જીતનાર મહાત્માઓ ત્રૈલોક્યપૂજનીયપદ પામે છે.

મલ્લીનાથ પ્રભુ તપશ્ચર્યાને અંગે પણ સ્હેજ માત્ર માયાને વશ પૂર્વભવમાં થવાથી સ્ત્રીપણું પામ્યા તો ડગલે ને ડગલે અને પળે ને પ્રતિપળે માયામાંજ રમી રહેલા આપણી શી દશા થશે તેનો કોઇ વખત વિચાર કર્યો છે કે ! કિંપાકફળ જેવું મીઠું અને મધુરું ઝેર તે માયાજ છે કે જેના પ્રતાપે આપણે હજી આ ભવાટવીમાં ભટકતા ને લટકતા રહ્યા છીએ.

કુગતિ કર્કશા ( પિશાચિણી )ની કમીશન એજંટ–ઇજારદાર–એક્સ-પોરટર–માલ મોકલનાર કુમતિ કુલટાની દાસી તેજ માયા છે. જે માયામાં ફસાયો તેજ સર્વત્ર સર્વથા ફસાયો. કુમતિની કપટજાળમાં પણ તે વલો-વાયો અને અંતે કુગતિનો કિંકર થયો. એક પગથીઉં લપસ્યો તે નીચેજ આવે છે તેમ સ્હેજ પણ માયામાં ફસાયો તે પતનજ પામે છે. માયાથી વિરક્ત તેજ જગતથી વિરક્ત છે. માયા તેજ જગત. માયાથી આસક્ત તેજ જગતથી–ભવભ્રમણતાથી–દુઃખની રાશિથી આસક્ત છે. જો જોગી પણ માયા ન તજે તો તે વિરક્ત નથી–વિરાગી નથી. ધોબીના કુતરાની માફક તે " અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ " છે. યતઃ

### શીખરીણી છંદ.

દવા રોગી ખાયે, તદપિ કરી પાળે નહિ ખરી,
વિલાસો વિલાસે, નિતિ નિયમ ભોગી દૂર કરી;
દિલાસો રોગીને, ભીતર ભીડ ભાગી પણ નહિ,
થયા જોગી દુઃખે, ભટકતું મન ફોકટ સહી.

રોગી દવા ખાતો હોય પણ પથ્ય ન પાળે તો તે જેમ ફોકટ છે, સાધુ ધર્મ ન બનતો હોવાથી ભલે ગ્રહસ્થધર્મ પાળે, પરંતુ સંસારના વિ-લાસોમાં નીતિને વેગળી કરે તો તે ફોકટ છે, રોગીને માયા વડે દિલાસો દીધો પણ તેની ભીડ ભાગી નહિ તો તે ફોકટ છે તેમજ ધન–ધાન્યના દુઃખે કે અન્ય કોઈ સંતાપથી જોગી થયા–માથું મુંડાવ્યું પણ જો મન ન મુંડાવ્યું અને ભોગીજ રહ્યા અર્થાત મન ભટકતું રહ્યું, માયા ન તજા-ણી, અને મુક્તિની સામગ્રી ન સજાણી તો તે ફોકટ છે. યોગીઓનું પથ્ય જ માયાનો ત્યાગ છે.

માયા એ વિષનીજ વેલી છે. માયા એ પોતેજ મૂર્તિમાન્ બદફેલી છે અને દરેક ક્ષણે દરેક સ્થાને તે જુદાજુદા રૂપે વસેલી છે. દ્રવ્યમાં માયા, કાયામાં માયા, કાયાના પડછાયામાં પણ માયા, સ્ત્રી, પુત્ર પરિવારાદિ વંશમાં પણ માયા, વ્યવહાર વણજનો આધારજ માયા, જીવનનું વહન પણ માયા-થીજ, મિત્રમાં પણ માયા, શત્રુમાં પણ માયા, સુગંધમાં પણ માયા, દુર્ગં-ધમાં પણ માયા, સાકરમાં પણ માયા ને વિષ્ટામાં પણ માયા. જમીનમાં પણ માયા, બોલવામાં પણ માયા, ચાલવામાં પણ માયા, હરવામાં, ફરવામાં, ખાવામાં, પીવામાં, ખવડાવવામાં, પીવડાવવામાં, દરેક કાર્યમાં માયા–માયા–ને માયાજ–સ્વાર્થ, ને સ્વાર્થ–ને સ્વાર્થજ–ધર્મમાં પણ દંભજ–માયાજ.

દેવ–ગુરૂ ને ધર્મના કાર્યોમાં પણ દંભવૃત્તિજ–માયાજ કહો. માયાનો નિવાસ ક્યાં નથી ! તેનાથી વિરક્ત રહેનાર મહાત્માઓના દેહમાં–હૃદયમાં જ નથી. અન્યત્ર સર્વત્ર છે. જેમ ખાણમાં જ્યાં જુઓ ત્યાં પથરા તેમ અત્રે પણ જ્યાં જુઓ ત્યાં માયા ! ચાલો ત્યારે તે ખાણની ઉંડાણમાં તપાસીએ કાંઇક મળશે.

---

# आधुनिक समय.

## પંચમકાળની પ્રબળતા કળીનો કોપ.

### ( લેખક ત્રિભુવનદાસ મલુકચંદ શાહ. મુ. સાણંદ. )

( અનુસંધાન ચોથા અંકના પાને ૧૧૨ થી. )

શાન્તિનાથજી મહારાજના જીવે પૂર્વે પોતાના રાજભવમાં દયાન્વિત થઈ પોતાનું માંસ પારેવાની બરાબર નહોતું આપ્યું ! આપણે આપણા રાસો ને ધર્મશાસ્ત્રો તરફ નજર દોડાવીએ છીએ તો અવશ્ય માલુમ પડે છે કે દયાની ખાતર મહાન્ પુરૂષોએ આત્મભોગ આપ્યો છે. તેઓએ દયા એજ પોતાનું ધન, સંતતિ, કીર્તિ ને ધર્મનું મૂલ છે એમ સમજી પોતાનું નામ આ ક્ષણિક દુનીઆમાં અમર કર્યું છે. એ સમય હવે કોણ જાણે કાલના કયા વાતાવરણમાં લુપ્ત થઈ પડ્યા મારી માનવીના હૃદયને દયારહિત બનાવી મૂકયાં છે એ સમજવું બહુ મુસ્કેલ છે. અત્યારે લગભગ હિન્દુસ્તાનમાં ૨૦ હજાર ગૌવધ થાય છે, એ આપણે દયાસાગર કહેવાતાઓને ઓછું શોચ પામવા જેવું છે ? ગણિત ગણતાં આપણને તેથી લાખો ને કરોડોનું નુકશાન થાય છે. જે નુકશાનના બચાવ અર્થે આપણી પાંજરાપોળો ને ગોશાળાઓ તો માત્ર નિમિત્તજ છે. તેના બચાવ માટે તો આપણે આપણા અંતઃકરણની મજબૂત પાંજરાપોળ બનાવવાની જરૂર છે. અત્યારે આપપોતાની સગી દિકરીને દ્રવ્યલોભની ખાતર વેચી કજોડાના દુષ્ટ પાસમાં નાંખી તેની જીંદગી ઉપર સંસારના ક્ષાર સમુદ્રનું પાણી ફેરવે છે. બન્ધુઓ આ ! શું ? આપણા ઉપર આ લગ્નરીતિએ કેટલી માઠી અસર કરી છે. આપણાં ડાચાં બેસી ગયાં છે, હાથ પગ ને પેટ ઓગળી ગયાં છે મરતાં મરતાં શબ્દોચ્ચારણ કરીએ છીએ, શુદ્ધ સંસારજ્ઞાન રહિત, ને વ્યવહારજ્ઞાનરહિત છીએ, આપણે ને આપણી પ્રજા બળહીન, કાયર ને

વિચારશુન્ય છીએ, આપણી બુદ્ધિ જે સ્મરણશક્તિ મંદ ને અસ્થિર છે તેનું કારણ શું ? એ સર્વનું કારણ આપણા લગ્નની વિષમતા એજ. ક્યાં મરણની ભેટ ઇચ્છતો ૮૦ વર્ષનો બુઢ્ઢો ખોખલો ? ને ક્યાં યૌવનાભિલાષ રાખતી ૧૦–૧૨ વર્ષની મુગ્ધ બાલિકા ? મિત્રો ! આશું ઓછું અયોગ્ય કર્તવ્ય છે. શક્તિ–વીર્ય–હીન, બુદ્ધિશુન્ય, વિર્યશુન્ય, ને સોટી જેવા પાતળા શરીરવાળા બુઢ્ઢાને કન્યા આપી ધનવાન થઇ માલ મલીદા ઉડાવવા એ ક્યાંનો ન્યાય ? સહસ્રવાર ધિક્કાર છે એવાં દુષ્ટ માબાપોને ? તેમનું માત્ર આ એકજ કર્મ તેમને નરકાધિકારી બનાવવા ને માટે બસ છે. સજ્જનો ! આપણે હવે આંખ ઉઘાડવાની છે. કન્યાવિક્રયના ને કજોડાના રિવાજે આપણો ને આપણા પવિત્ર ધર્મનો ક્ષય કરી લાંછન લગાડ્યું છે. આમ છતાંય જો આપણે તે રિવાજને વળગી રહીએ તો તે ઓછી મૂર્ખાઈ ન કહેવાય ? ખરૂં પૂછાવો તો આપણું રાજ્ય, આપણી સમૃદ્ધિ, આપણી સત્તા આપણું સુખ જે આપણી જાહોજલાલી ગઇ એ સૌએ દુષ્ટ રિવાજને પ્રતાપેજ. દિકરી તો બિચારી ગાય જેવી છે તેને તો જ્યાં લઇ જશે ત્યાં જશે પરન્તુ માબાપ ને વડીલોએ વિચારવાની જરૂર છે. આપણું સુખ જે વાસ્તવિક મોક્ષ એ આપણી પુત્રીઓને સંતુષ્ટ કરવામાં છે. આપણે જો તેમનો આશીર્વાદ પ્રાપ્ત કરીશું તો આપણે સંપત્તિ આદિ લભ્ય છે. સમયનું વાતાવરણ બહુ વિચિત્ર છે, પૂર્વકાળમાં કન્યાઓ ગૃહસ્તનું એક અંગ ગણાતું એટલુંજ નહિ પરન્તુ તેના કહેવા પ્રમાણેજ ગૃહનું અમુક કાર્ય થતું. જ્યારે અત્યારે બિચારી કન્યાઓને કમઅક્કલ ગણી હસી કહાડવામાં આવે છે. ખયર ! પણ આમાં બીજાને શો દોષ દેવો. કાળ એવો વિપરીત છે. પૂર્વનો જમાનો ધર્મને આધીન હતો. જમાનાઉપર ધર્મ ને ધર્માચાર્યો મુનીમહારાજાઓની સત્તા ચાલતી ત્યારે અત્યારનો જમાનો દ્રવ્યને અધીન છે ને જમાના ઉપર દ્રવ્ય ને દ્રવ્યાધિકારીઓની સત્તા વર્તે છે. અત્યારના માનવીનું ને પૂર્વના માનવીનું અંગ એક સરખું છે પરન્તુ વિચારમાં બહુ વિષમતા છે. પૂર્વે કીર્તિની ખાતર માનવી દ્રવ્યને તુચ્છ ગણતું ત્યારે અત્યારે માનવી દ્રવ્યની ખાતર કીર્તિ વેગળી મૂકી નીચમાં નીચ કામ કરવા પાછું પડતું નથી. પૂર્વે ધર્મની ખાતર માનવી પોતાની અનગળ દોલતને જીવની પણ અવગણના કરી પોતાનો પ્રાણ આપતું ત્યારે અત્યારનું માનવી દ્રવ્યની ખાતર પોતાનો વંશપરંપરાનો પવિત્ર ધર્મ ત્યજી દે છે. પ્રથમનું માનવી માતૃસેવા પિતૃસેવા ને આચાર્યસેવામાંજ ખરો ધર્મ

ગણતું ત્યારે અત્યારનું માનવી એ ઉત્તમ સેવાનો તિરસ્કાર કરી જ્ઞાનને, સમજણને ડહાપણને તિલાંજલી આપી ધર્મને નામે મિથ્યા આડંબર કરી આત્મની અધોગતિના પ્રયત્નો કરે છે. પ્રથમનું માનવી સત્ય, શીલતા ને ડહાપણમાંજ પોતાનું વાસ્તવિક કર્ત્તવ્ય સમાયેલું છે એમ સમજતું ત્યારે અત્યારનું માનવી જાણવા છતાંય સ્વાર્થ–લોભની ખાતર હડહડતું જુઠું બોલી અજ્ઞાન, અધર્મ ને અત્યાચારથી જનસમાજ જે ઠગવા પ્રયત્નો કરી રહ્યું છે. બન્ધુઓ ! પંચમ કાળે માનવી ઉપર એવી સચ્ચોટ અસર કરી છે કે તે અસરના નિવારણાર્થે માનવી ગમે તેટલું મંથન કરશે તોપણ તેમાં ભાગ્યેજ ફળીભૂત થઈ શકશે. એ અસર માનવીના હૃદયની ઉંડામાં ઉંડી ગુહામાં ઘર કરી સ્થિર થઇ બેઠી છે. વધારે તો દિલગીરી એટલા માટે કે આવી નુકસાનકારક અસરનો બહિષ્કાર કરવો જે બદલે અત્યારનાં માનવીઓ તેનો સ્વીકાર કરવામાં માન ને મહત્તા સમજે છે. હશે જીન ભગવાન એ· વાઓને સદ્‌બુદ્ધિ આપો ! અત્યારની ફીલસુફીનું "જમાનાની જીત એ પરિણામ માનવી હૃદયની કંઇક નિર્બળતા છે." એવું એક સૂત્ર છે. આ સૂત્રમાં સઘળુંજ સત્ય છે એમ સ્વીકારવું કે નહિ એ પ્રત્યેકની સત્તાની વાત છે; પરન્તુ તેમાં સત્ય છે કે નહિ એ અનુભવવું એતો પ્રત્યેક ઇચ્છવા યોગ્ય છે. એ ન્યાએ આપણે આપણા હૃદયને સ્થિર–નિશ્ચિત–ને ફેરવાવી ખીલીએ લગાડીશું તો હું નિશ્ચયપૂર્વક કહું છું કે આ કાળના વિચિત્રપણા· માંથી આપણે કંઇક મુક્ત થઇશું. એટલુંજ નહિ પરન્તુ આપણો દ્રવ્ય લોભ, માનની મહત્તા વધારવાનો આડંબર, ધર્મમાં અયોગ્ય વહેમ, વગેરેને બુદ્ધિપૂર્વક તજી શકીશું.

આથી વિશેષતા તો નહિ પરન્તુ આપણે આપણા સંસારની સ્થિતિમાં ધારીશું એટલો સુધારો ને સરલતા કરી શકીશું. સિવાય આપણે આપણી પ્રજાને નૈતિક, વિચારવંત ને સદ્‌ગુણાભિલાષી બનાવી શકીશું. અગરજો પંચમ કાળની પ્રબળતાએ સ્વાભાવિક છે, એટલે તેના ઉપર સદંતર જીત મેળવીએ એતો નજ બની શકે પરન્તુ આપણી ને તેની લડાઇમાં આપણે તે પ્રબળતાને પાછી હઠાવીએ તો બની શકે એવું છે ને તેવું આગળના વખતમાં થયું હોય એમ પણ સંભવે છે. સતી માતા દ્રોપદીએ મહા વિકરાળ કાળ સાથે યુદ્ધ કરી પોતાના શીલત્વના પ્રભાવથી કૌરવોની ભરચક સભામાં પોતાની પવિત્ર લજ્યાનું રક્ષણ કર્યું હતું. આવી રીતે સતી દેવી સુભદ્રાએ કાચે તાંતણે ચાલણી વડે કુવામાંથી પાણી ખેંચ્યું છે. આવાં

દૃષ્ટાંતો આપણે શાસ્ત્રદ્વારા, ઐતિહાસિક રીતે વા ગુરૂ મુખદ્વારા શ્રવણ કરીએ છીએ પરન્તુ અફસોસ છે કે એ સમય હવે વ્યતિત થયો છે. અમારા નમ્ર મત પ્રમાણે આપણે જો ધાર્મિક નૈતિક ને વ્યવહારિક કેલવણી આપવાની શરૂઆત કરીએ અથવા તો તે તરફ કંઇક વિશેષ લક્ષ્ય આપીએ તો એમ નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે સુવર્ણમય પ્રાચીન સમયનો ને અર્વાચીન સમયનો કંઇક સંનિકર્ષ થાય. જેથી આપણું જીવન ધર્મ, અર્થ, કામ ને મોક્ષનો પવિત્ર માર્ગ ગ્રહણ કરે.

---

# जगतकर्तृत्ववाद चर्चा.

## ( લેખક. શા. રીખવચંદ ઉજમચંદ. મુ. મુંબાઈ )

( અનુસંધાન અંક ચોથાના પાને ૧૧૪ થી )

**પ્રશ્ન.**—આર્યસમાજીઓની માન્યતા, પરમાત્મા તથા જીવો તથા પ્રકૃતિ એ ત્રણ વસ્તુ અનાદી અકૃત્રિમ છે ને પરમાત્મા એ જીવો તથા પ્રકૃતિવડે આ જગતની રચના કરી છે તે એવી રીતે કે જીવો કર્મ કરે છે તેનું ફળ પરમાત્મા તે જીવોને આપે છે. જીવો સ્વતંત્રપણે કર્મ કરે છે એટલે જીવોને સ્વતંત્ર કર્મ કરતાં પરમાત્મા રોકી શકતો નથી પણ તે કર્મનું ફળ જીવોને પરમાત્મા આપવા સમર્થ છે ને આથીજ આ જગતની રચના તેણે કરી છે. તે વિષે તેમનો પ્રશ્ન જે આવી રીતે માનવામાં તમો જૈનોને શું દુષણ આવે છે?

**ઉત્તર.**—આવી રીતે માનવામાં મોટું દુષણ એ છે કે પરમાત્મા જીવોને સ્વતંત્રપણે કર્મ કરતા રોકવા અસમર્થ ને તેને સજા આપવા સમર્થ એ હોવુંજ અસંભવિત્ છે. દ્રષ્ટાંત—જીવ કરતાં પરમાત્મા વધારે સમર્થવાન છે. તે જીવોની પાસે હમેશાં પરમાત્મા હોય છે એવી તો તમારી માન્યતા છેજ ત્યારે તે પરમાત્મા જીવ કરતાં પોતે સમર્થવાન્ જીવ પાસે દરેક પળે હોવા છતાં કર્મ કરતાં ન રોકે ( એટલે અસમર્થ બને ) ને સજા આપવા સમર્થ ( તૈયાર ) થાય એ ન્યાય નથી પણ ક્રુરતા છે. એ સિદ્ધાંત છે કે એક જીવ બીજા જીવને કોઇ ગુન્હા બદલ મારી શકે છે. તે જીવ પેલા બીજા નબળા જીવની પાસે હોવા છતાં ગુન્હો કરતાં અટકાવવા અસમર્થ છે એ હોઇ શકેજ નહી. જીવને કર્મ કરતાં પરમાત્મા ન રોકી શકે ને તેને સજા આપી શકે એ માનવુંજ ભૂલ ભરેલું છે. આતો દેખ્યા વિના તથા ખાત્રી કર્યા વિના માની લેવા જેવું છે. અમો તમને પ્રત્યક્ષ પ્રમાણથી બતાવી

આપીએ છીએ કે જીવો પોતે કર્મ કરે છે તેનું ફળ પોતે ભોગવે છે. દ્રષ્ટાંત. જીવ અન્ન રાંધે છે તેનું ફળ પોતે ખાવાનું મેળવે છે. એક માણસ ઉદ્યમ કરી રૂપીઆ મેળવે છે તે રૂપીઆનો ભોગ યા લાભ તે મેળવે છે. કોઈ જીવ ઝેર ખાય છે તો તે દુઃખી થાય છે, ઉપરનાં ફક્ત થોડાંજ દ્રષ્ટાંતથી એમ સાબીત થાય છે કે જીવ પોતે કરે છે તે પોતે ભોગવે છે તેમાં કાંઇ પરમાત્માનું નામ નિશાન નથી આવી રીતે પ્રત્યક્ષ દેખાય છે તો દરેક કર્મ જીવ પોતે કરે છે ને તેનું ફળ તે પોતે ભોગવે છે એમ અનુમાન કરવોજ વ્યાજબી છે.

**પ્રશ્ન**—તે વિષે તમો આર્યસમાજીઓ સવાલ કરશો કે એક માણસ અન્ન રાંધે છે ને ખાવાની તૈયારી કરે છે પણ તે વખતે ખાઇ શકતો નથી તેનું શું કારણ? એતો પરમાત્મા વિના કોણ કરી શકે?

**ઉત્તર.** અન્ન રાંધવાનું ફળ સીધું તેને ખાવાનું છે તેમાંતો તે પરમાત્માનું નામ નિશાન જણાતું નથી. એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે પણ ખાવાની તૈયારી કરતાં તે નથી ખાઇ શકતો એમ બને છે તેનું કારણ પણ પોતાનાં પૂર્વનાં કર્મ છે. પોતે પૂર્વે કોઇને ખાતાં વિઘ્ન કર્યું હોય તો આ વખતે તેને પણ વિઘ્ન આવે છે, ઉપરનાથી સાફ સાબીત થાય છે કે જીવ પોતે કર્મ કરે છે તેનું ફળ પોતે ભોગવે છે. કોઇ ફળ ભોગવવા વચ્ચે આવતુંજ નથી. એ તો પ્રત્યક્ષ છે કે જીવ પોતે કરેલ કર્મનું ફળ અનેક સંજોગો વચ્ચે ભોગવે છે તે અનેક સંજોગો પોતાના કર્માનુસાર મળે છે. તે કર્મની સત્તાને કદાચ તમો વિધિ કહો લેખ કહો ભવિતવ્યતા કહો દૈવ કહો પ્રભુ કહો યા ગમે તે નામ આપો તો અમને કંઇ અડચણ નથી.

---

# सदाचार.

## ( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ )

( અનુસંધાન અંક ચોથાના પાને ૧૨૮થી )

એક વખત વગડામાં જતાં એક બિચારી બુઢ્ઢી ડોશીને એક માણસ ઘોડા ઉપર સ્વારી કરેલો મળ્યો, તે વખતે તે બુઢ્ઢી ડોશીએ પેલા ઘોડાવાળાને કહ્યુ કે ભાઇ મારી આટલી પોટલી તારા ઘોડાપર મૂક. કારણ કે મને થાક લાગ્યો છે ત્યારે તે ઘોડાવાળાએ જવાબ આપ્યો કે "હું કાંઇ તારી પોટલી લેવાનો નથી" પછી આગળ જતાં તે ઘોડાવાળાના મનમાં એમ વિચાર આવ્યો કે તે ડોશીની પોટલી ઘોડા ઉપર મૂકી ઘોડો દોડાવી મુકીશું તો તે પોટલી

આપણુને પચશે, એવા વિચારથી તેણે ઘોડો થોભાવ્યો અને ડોશીની વાટ જોતો ઊભો. પછી થોડીવારે તે ડોશી આવી એટલે તેણે ડોશીને કહ્યુંકે " બુઢ્ઢિમા ! લાવો તમારૂં પોટલું મારા ઘોડાપર મૂકો, " તે વખતે ડોશીના મનને પણ એવો વિચાર આવ્યો કે વખતે પોટલું મૂકું ને જતું રહે તો હું તેને ક્યાં ખોળવા જાઉં તથા તેની મુખાકૃતિ ઉપરથી ડોશીને શક લાગ્યો તેથી કરી તેણીએ કહ્યું કે હવે મારે પોટલું મુકવાની જરૂર નથી પેલા ઘોડાવાળાએ કહ્યું કે કેમ ડોશીમા, ના પાડો છો. તે વખતે તે ડોશીએ તેને કહ્યુંકે ભાઇ. " જેવું તારા મનમાં તેવું મારા દિલમાં " આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જો આપણા મનના શુભ સંસ્કારો હોય છે તો તે સંબંધમાં આવનાર જનોને તદ્રૂપે લાગે છે. માટેજ સદાચારી માણસ સર્વદા પોતાના ધંધામાં ફાવી શકે છે, અને સદાચાર વિનાના ફાવી શકતા નથી " દગા કીસીકા નહિ સગા, ન કર્યો હોયતો કર દેખો " પ્રપંચી, છળકપટ કરનાર, બદદાનતના માણસો કદી પોતાના ધંધામાં ફાવી શકતા નથી. " સત્યે જય અને પાપે ક્ષય, માટે સદાચારી માણસને વખતે પોતાની સચ્ચાઇ વિગેરે સદ્ગુણને લીધે સહન કરવા વખત આવશે તોપણ છેવટે તેને તેનું ફળ સારૂંજ મળે છે. સત્ય ચાલતાં દુઃખ આવે તે વખતે તે સત્યની કસોટીગણી સત્યગ્રાહી સજ્જનોએ વેઠી લેવું અને ખાતરી સમજજો કે સત્યનું ફળ તો સત્યજ આવશે. વળી સદાચારી મનુષ્યો લેવડ દેવડના કામમાં પણ ઘણા પ્રમાણિક હોય છે. તે વ્યવહારમાં કોઇને ઠગવાનો પ્રયત્ન કરતા નથી તેમ માલ પણ અદલો બદલો કરી આપતા નથી. માપ વિગેરેમાં પણ રતિમાત્રનો ફેર રાખતા નથી ને ભાવ પણ વ્યાજબી લે છે. તે પોતાની શાખ કદી ગુમાવતા નથી.

સદાચાર વિનાનો માણસ બરોબર લેવડ દેવડના કામમાં પોતાનું પ્રમાણિકપણું જાળવતો નથી તેથી તેને છેવટે નુકશાન થાય છે. લોકો તેને તુચ્છકારે છે. તેનો ચોખ્ખો વ્યવહાર નહિ હોવાને લીધે લોકો તેનાપર વિશ્વાસ રાખતા નથી, તેથી કરી તેને અંતે નુકશાનજ થાય છે. માટે ફાવે તેટલું દુઃખ પડે તોપણ શાખ જવા દેવી નહિ. ગુજરાતના પ્રસિદ્ધ કવિ દયારામ કહે છે કેઃ—

લાખ ગમાવી શાખ રાખજે; શાખે મળશે લાખજી,
લાખ ખરચતાં શાખ નવ મળે; શાખ ગયે સૌ ખાખજી.

માટે ફાવે તેટલી મુસીબતમાં ઉતરવું પડે તોપણ ધૈર્ય રાખી દુઃખ

ખમવું અને શાખ જવા દેવી નહિ. વળી સદાચારી મનુષ્યો પોતાનું વચન પાળવાને પણ પાછી પાની કરતા નથી, કારણકે તે જાણે છે કે "જે કોઈ માણસ સામા માણસને કોઇ વાત માટે વચન અથવા કોલ આપે છે, તે વચન આપનારા તરફથી બોલ્યા પ્રમાણે કામ થવામાં સામા માણસના હિતાહિતનો ઘણું કરીને સંબંધ રહેલો હોય છે ને જેણે વચન આપ્યું હોય છે તેના ઉપર ભરોંસો રાખીને તે માણસ પોતાના કામની વ્યવસ્થા કરે છે. તેથી જો વચન આપનારો પોતાનો બોલ પાળે નહિ, તો તે સામો માણસ ઘણો નિરાશ થાય છે એટલુંજ નહિ પણ એથી તેને મોટું નુકશાન થવાનો પણ સંભવ રહે છે. મનુષ્ય નાનો અગર મોટો ગમે તેવો હો પણ તેને પોતાના બોલવા પ્રમાણે હમેશાં ચાલવા માટે બહુ ખબરદારી રાખવી જોઈએ. કેટલીક નાનીસુની વાતોના સંબંધમાં આપણે બોલ્યા પ્રમાણે કામ ન કરીએ તો તેમાં કદાચ નુકશાન થવાનો સંભવ નથી હોતો તોપણ તેમ કરવું એ ગેરવ્યાજબી છે ને આગળ જતાં તેનાથી આપણને ઘણું નુકશાન થાય છે." કારણ કે વચન પાળવાના સંબંધે બેકાળજી રાખવાની એક વખત કુટેવ પડી જાય છે તો પછી આગળ મોટા કામોમાં બેદરકારીનું વર્તન થઈ જાય છે અને તેને લીધે તે પત ખુએ છે, નાદાન કહેવાય છે. એટલા માટે કોઈ પણ વચન આપતાં પહેલાં પુખ્ત વિચાર કરવો ને પછી યોગ્ય લાગે તો આપવું કિંવા નહિ આપવું પણ એકવાર વચન આપ્યું એટલે ગમે તેમ થાય તોપણ તે પાળવામાં બીલકુલ કસુર કરવી નહિ. એજ સદાચારીનું લક્ષણ છે. " મુખેથરિ માનવી વેણ મુક્યું, ગળેથી તે નહિ ગળાય ચુક્યું." વચન બહાર નીકળ્યા પછી જેમ થુંક્યું ગળાતું નથી તેમ પછી તે પાછું ખેંચી લેવાતું નથી. ઇંગ્રેજીમાં કહેવાય છે કે "Think before you speak" બોલતાં અગાઉ ઘણો વિચાર કરવો. સદાચારી માણસ દાનતનો ચોખ્ખો હોય છે, કોઇ વખત વેપાર વિગેરે બાબતોમાં તેને ધક્કા પહોંચે છે તોપણ તે ગંભીરાઇથી અને નમ્રતાથી લેણદારને જવાબ આપે છે અને દેવાને માટે હમેશાં ફીકર રાખે છે ને તે વાળવાને માટે હમેશ ખંતીલો ને ઉદ્યોગી રહે છે. ઇંગ્લાંડના બ્રિસ્ટલ શહેરમાં ડેનહમ નામનો એક વેપારી હતો તે ઘણો પ્રમાણિક અને વેપારમાં ખેલાડુ હતો. તેને પોતાના વેપારમાં ઘણો ધક્કો લાગ્યો હતો તેથી તેણે શાહુકારોને બોલાવી જે થોડું તેની પાસે હતું તે આપી દીધું અને અમેરિકા ગયો. ત્યાં તેની દાનત સારી હોવાને લીધે, દૈવયોગે તે ઘણું રળ્યો, ત્યારે પોતાના દેશમાં આ-

ર્યો અને જે જે શાહુકારો તેની પાસે પૈસા માગતા હતા તેમને જમવાને માટે ઘેર તેડ્યા અને જમવાની રકેબીઓ હેઠળ દરેકના માગતા રૂપીઆના વ્યાજ સાથેની હુંડીઓ મુકી, જ્યારે બધા જમી રહ્યા ત્યારે નોકર રકાબીઓ લઈ ગયો તે વખતે સઘળા પોતપોતાના માગતા જેટલા રૂપીઆની હુંડીઓ જોઈ અચંબો પામ્યા અને આથી તેનું નામ હમેશને માટે ઇંગ્લાંડના બ્રિસ્ટલ શહેરમાં નામીચું થયું. માટે જે માણસ સદાચારી ને પ્રમાણિક હોય છે તેને ધીરેલું નાણું કરી ઉચ્ચાપત થતું નથી. વળી સદાચારી મનુષ્યો હમેશાં સત્ય બોલે છે. પ્રાણે એવા સંકટે પણ મહાન્ રાજા હરિચંદ્ર તથા પાંડવોની પેઠે પોતાનું સત્યપણું ત્યજતા નથી અને અડગ રહે છે. અસત્ય બોલવાથી કોઈપણ માણસ ભરોસો કરતું નથી ને તેથી લાભને બદલે હાની થાય છે. મનમાં ખાસ હેતુ સિવાય પણ સામા માણસનું મ્હોં રાખવામાં, ઉતાવળ-પણામાં કેટલીક વખત અસત્ય બોલાય છે. માટે સદાચારી મનુષ્યોએ એ કૃત્યથી અળગા રહેવાની જરૂર છે. કોઈનું મ્હોં રાખવા અસત્ય ઉચરવું એ મહાનીચ કૃત્ય છે. સત્ય બોલવા વિષે આ નીચેનું એક નાનું દૃષ્ટાંત પ્રાસં-ગિક વિષયને ઘણું અમુલ્ય થઈ પડશે. તેમ સમજી અત્રે દર્શાવું છું.

એક કઠીઆરો નદીને કાંઠે લાકડાં ચીરતો હતો તેવામાં અકસ્માત્ તેની લાકડાં કાપવાની કુહાડી હાથમાંથી છટકી જઈને નદીમાં પડી. આથી તે નિરાશામાં હતો તેથી **વનદેવે** ત્યાં આવી નદીમાંથી એક સોનાની કુહાડી તેને કાઢી આપી. પણ પેલા કઠીઆરાએ લીધી નહિ ને કહ્યું કે એ મારી કુહાડી નથી. ત્યાર પછી રૂપાની કાઢીને આપવા માંડી તોએ તેણે લીધી નહિ. ત્યાર પછી ત્રાંબાનીને પિત્તળની એવી રીતે કાઢીને આપી તોએ પણ પોતે લીધી નહિ ને કહ્યું કે આ મારી કુહાડી ન હોય. ત્યાર પછી પેલા **વન-દેવે** તળાવમાંથી લોઢાની કુહાડી કાઢી અને તે લેવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે આ મારી કુહાડી, તેથી તે ઘણો ખુશી થયો. પેલા **વનદેવે** તેની સત્યતા જોઈ તેને લોઢાની કુહાડી આપી એટલુંજ નહિ પણ સોનાની કુહાડી પણ સાથે બક્ષિસ આપી. આથી તે ઘણો ખુશી થયો. આનો દાખલો જોઈ તેના પાડોશીના મનમાં વિચાર થયો કે હુંએ નદીમાં કુહાડી નાંખી સોનાની લઈ આવું. એવો વિચાર કરી તે નદીકાંઠે ગયો અને કુહાડી નદીમાં નાંખી દીધી ને વિલાપ કરવા લાગ્યો તેથી **વનદેવ** આવ્યો ને તેને સોનાની કુહાડી નદીમાંથી કાઢીને કહ્યું કે આ તારી કુહાડી હોય કે, પેલાએ હા કહ્યું એટલે વનદેવે તે કુહાડી નદીમાં પાછી નાંખી દીધી એટલુંજ નહિ પણ લોઢાની

પણ નદીમાંથી કાઢી આપી નહિ. માટે અસત્ય બોલવામાં કશો લાભ નથી. કદાચ પોતાના હાથે લાખ્ખોનો વેપાર ચાલતો હોય તોપણુ પોતાની મહેનતાણુંને માટે જે મલતું હોય તે સિવાય એક પાઈની પણ વેપારમાં ગફલત કરવી નહિ અને સત્ય રીતે ચાલવું. **ચૅનલમાંથી** ( પ્રણાલિકા ) માંથી ઘણું પાણી પસાર થઈને જાય છે પણ પ્રણાલિકા તો પોતાના કદ જેટલું જ પાણી રાખી શકે છે તેમ મનુષ્યોએ પણ પોતાના પગાર જેટલુંજ પોતાનું ગણવાનું છે. કદાચ પ્રાણાલિકા એમજ ગણે કે મારામાંથી જે સઘળું પાણી પસાર થાય છે તે સઘળું હું મારા પોતાનામાંજ રાખું તો છેવટે તે પ્રવાહ આવતો બંધ થશે અગર એમ નહિં થાય તો પ્રણાલિકા પાણીના પ્રવાહના જોરે તુટી જશે તેમ મનુષ્યો પણ જો તેમના હાથે લાખ્ખોનો પોતાના ધણીનો કારોબાર થતો હશે તેને નિમકહરામી કરી પોતાના સ્વાર્થ તરફ વાળશે તો તેમની પણ પ્રણાલિકા જેવી સ્થિતિ થશે અર્થાત્ તેમની નોકરી તુટી જશે યા નહીં તો તે બદદાનતનો માલમ પડશે તો તેના હાથે સઘળો કારોબાર થતો બંધ થશે. આ અનુમાન સિદ્ધ છે માટે તેના માટે દાખલા આપવાની આવશ્યકતા જોતો નથી.

સદાચારથી શું અલભ્ય છે ? એવી કઈ પદવી છે યા એવી કઈ સ્થિતિ છે યા એવી કઈ વિભુતિ છે જે સદાચારીને અપ્રાપ્ય છે. જો કિર્તિ કમળા કોઈને વર્યા હોય તો તે સદાચારી મનુષ્યનેજ વર્યા છે. ખરેખર જો આપણે આપણા આર્યાવર્તનું બારીકાઈથી અવલોકન કરીશું તો આપણુને સ્પષ્ટ જણાશે કે હાલ તેમાં સદ્વર્તનથી ચાલનાર મનુષ્યોની સંખ્યા સમુદ્રમાં બિંદુ માત્ર છે અને તેજ તેની અધોગતિનું મુખ્ય કારણ છે. બાકી સદ્વર્તનથી કોણે જય પતાકા નથી મેળવી ? કોણુ પોતાનું હિત સાધિ નથી શક્યું ? તેના આગળ કયું દુઃખ ટકી રહ્યું છે ? **મહાન્ સતિ સીતા** પોતાના શીળ વ્રતના પ્રભાવ વડે કેવા દુ:ખમાંથી બચી ? **સુદર્શન શેઠને** શાથી સુળી મટી સિંહાસન થયું ? આ શું સુચવે છે. માટે શીળ એજ શ્રેષ્ઠ છે. તેને દરેક વિવેકપૂર્વક સેવવું જોઈએ. એના જેવું એક ઊત્તમ ધન નથી કારણકે શીળ દુર્ભાગ્યને દળે છે ને સદ્ભાગ્યને સંપાદન કરે છે. વળી તે પાપોનું ખંડન કરે છે ને પુણ્યનું ભંડોળ કરે છે માટે તે સેવવાની ઘણી અગત્યતા છે. કેટલાક આપણામાં એવા હોય છે કે દેરાસર આદિ ધાર્મિક સ્થળોએ જાય છે ત્યારે શુદ્ધ ભાવ અને ભક્તિપૂર્વક ભગવાનનું સેવન પૂજન કરે છે, વળી ઉપાશ્રય આદિ સ્થળોએ જાય છે ત્યારે ગુરૂ મહારાજાઓની પ્રેમ

પૂર્વક અંતરના ભાવે ઉપાસના કરે છે પરંતુ જ્યારે તે સ્થળેથી તેઓ વિમુખ થાય છે ત્યારે જાણે સ્વાર્થનો સરદાર અને દયાનો કટ્ટો શત્રુ હોય તેની પેઠે પોતાનું વર્તન રાખે છે. કોઇ વિશ્વાસુ આવ્યો કે તેને આંમલી પીંપળી સમજાવી છપ્પન ઊંડું છાસી ને એ મુકયા છુટના એમ કરી બિચારાને છેતરે છે. વખતે માલ પણ હેર ફેર કરી દે છે. ખોટાં ખરાં કરવામાં પણ શુરો હોય છે. ખોટી સાહેદી પુરવી હોય તોએ ભાઈ સાહેબનો પહેલો નંબર ગણાવાનો. પ્રિય બંધુઓ વિચારો આ કેવા પ્રકારનો ધર્માચાર ? વખતે કોઈ આવી શીખામણ આપે કે ભાઈ ગુરૂ મહારાજ કહેતા હતા કે ખોટા લેખ લખાવવા-દસ્તાવેજ કરાવવા એતો મહાપાપ કહેવાય. ત્યારે તેનો ઊત્તર આપશે કે ગુરૂમહારાજ એમનો ધર્મ બજાવે છે. આપડે આપડો ધડમ બજાવવો જોઈએ નહિં ટો છોકરાં ભીખજ માગેટો. " એટો દેરાસરમાં ભક્તિભાવ વેપાડમાં તો આમજ ચાલે. " આથી શી રીતે કલ્યાણ થાય ? આપ્ત બંધુઓએ યાદ રાખવું જોઇએ કે વેપારમાં જો નીતિ હોય છે તોજ તે વેપાર સારો ચાલી શકે છે. આપણા ભાવો બધો વખત શુદ્ધ અને સારા રાખવા જોઇએ. કપટથી કોઈ તર્યું નથી અને તરવાનું પણ નથી. " કપટ ત્યાં ચપટ " જે માણસો દગલબાજી કરી પૈસા સંપાદન કરે છે તેનું કદી ઊગ્યું આવતું નથી તેમ લોકમાં પણ તે માન પ્રતિષ્ઠા પામી શકતોનથી. એતો છેવટે " દુધના દુધમાં ને પાણીના પાણીમાં સમજવા " માટે વેપારમાં પણ સદાચાર જાળવવાની વિશેષ જરૂર છે. સદાચારી મનુષ્ય પોતાની કાયિક, માનસિક, વાચિક શક્તિઓ પૂર્ણપણે ખીલવી શકે છે તેમજ તે અધ્યાત્મજ્ઞાનનું આવાહન કરે છે અને પરમાનંદનો ભોક્તા બને છે. વળી સદાચારી મનુષ્યો નિરાભિમાની, નિર્માનિ અને નિસ્પૃહતાવાળા થઇ શકે છે. સદાચાર એવો શબ્દ છે કે તેમાં સર્વ માનસિક ગુણો અંતર્ભૂત છે. એવો કોઇ પણ ગુણ નથી કે જે સદાચારમાં નહિ સમાયલો હોય. માટે સદાચાર એ સર્વે ગુણોનું સદન છે. સુખનું સાધન અને મોક્ષનું ભાજન છે. વળી સદાચારથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તી થાય છે. સમ્યગ્જ્ઞાન એને કહેવાય છે કે જે પક્ષપાત કર્યા વિના જે વસ્તુ જેવા રૂપે કરીને ભુષિત હોય તે વસ્તુને તદ્રૂપે કરી ઓળખવી તેને સમ્યગ્ જ્ઞાન કહે છે એટલે સદાચારી મનુષ્ય ન્યાય નિષ્પન્ન પણ થઇ શકે છે.

વળી સદાચારી પુરૂષોનું વચન વજનદાર અને પ્રતિતિવાળું હોઈ શકે છે.

કપટી પુરૂષો પોતાનું મુખ બીજાની આગળ હાવકું રાખે છે. વાણી પણ ચંદનની શીતળતા જેવી પ્રેમ ઉપજે એવી બોલે છે. પરંતુ છેવટે તેમનું પોગળ પ્રકાશે છે ત્યારે તેઓનો ભાર બોજ રહેતો નથી વળી જેમ બાંધી મુઠી લાખની હોય છે ને ઉઘાડી થઇ જાય તો કોડીની થાય છે તેમ તેમની દશા થાય છે.

માણુસ સદાચારનો ઢોંગ કરવા જાય છે પણ છેવટે તે છુપું રહેતું નથી અને અપમાનને પાત્ર થાય છે. એક વખત કોઈ રાજાએ કોઇ અબધુત સંન્યાસી જેવાને પોતાને ઘેર પારણું કરવા નોંતર્યો. તે વખતે પેલા બાવાનું મન તેના ઘરમાં એક તેના છોકરાની બૈરી હતી તેપર ચોંટયું ત્યારે તે બાવાએ તે રાજાને સમજાવ્યું કે તારા ઘરમાં આ જે સ્ત્રી છે તે ખરાબ પગલાંની છે માટે તેને ઘરમાંથી વિદાય કરી દો અથવા જળશરણ કરી દો નહિંતો તમારૂં સઘળું ઉંધું વળી જશે. આથી તે રાજાએ બાવાની શિખામણ મુજબ તેને એક પેટીમાં ઘાલી નદીમાં તે પેટી વહેતી મુંકી દીધી. પેલા બાવાના મનને કે તેને નદીમાં વહેતી મુંકાવું એટલે એ પેટી કબજામાં લઈ મનગમતા વિષયો તેની સાથે ભોગવું. તેણે પોતાના આશ્રમમાં જઈ ચેલાને હુકમ કર્યો કે આજે નદીમાં જે પેટી તણાતી આવે તેને લઇને મારી અંદરની ઓરડીમાં મુકજો. તેને ઉઘાડતા કરતા નહિ. હવે એમ બન્યું કે તે પેટી નદીમાં તણાતી આવતિ હતી તે કોઇ બે રાજવીર પુત્રોએ જોઈ અને નદીમાં પડી પેટી કાઢી ને ઉઘાડી તો અંદરથી અપ્સરા જેવી દેવકન્યા નીકળી પછી તેઓએ તે બાઇને પુછ્યું કે હે બાઈ તારી આમ દશા કેમ થઈ ? ત્યારે તેણીએ સઘળો વૃત્તાંત કહ્યો. ત્યારે તે બે રાજકુંવરોએ તે પેટીની અંદર બે ચાર મોટા વનચરો ( વાંદરાં ) પેટીમાં ભર્યા અને નદીમાં પેટી વહેતી મુકી દીધી પછી પેલા બાવાના મુકામ આગળ આવતાં તેના ચેલાઓએ તે પેટી ઉપાડીને બાવાના બતાવેલા સ્થળે મુકી. પેલા બાવાજીએ આવીને પુછ્યું કે ચેલાઓ પેટી આવી કે ? ત્યારે ચેલાઓએ કહ્યું કે હાજી આપના કહ્યા પ્રમાણે આપની ઓરડીમાં મુકી છે. પછી બાવાએ કહ્યું કે આજે મારે ધ્યાનમાં બેસવાનું છે માટે આખો દિવસ મને બોલાવશો નહિ તેમ બારણાં ઉઘાડશો નહિં મનમાં એમકે આખો દિવસ તે અપ્સરા સાથે ચેનબાજી ઉડાવીશું. પછી બાવાજી ઓરડાની સાંકળ વાસી અંદરની ઓરડીમાં ગયા. ત્યાં હર્ષોલ્લાસમાં પેટી ઉઘાડી કે જે પેલા વાનરો ઘણા દિવસના ભુખ્યા હતા તે તેની કોટે વળગ્યા અને તેના પ્રાણ લીધા. માટે જે માણસો

દુર્ગુણનો અંધાર પછેડો ઓઢી સદ્ગુણીમાં ખપવાને ખાલી ડાકડમાળ કરે છે તેની છેવટે સારી ગતિ થતી નથી અને અંતે આવા બાવાની પેઠે અનિષ્ઠ પરિણામને ગ્રસ્ત થાય છે. છેવટમાં લખવાનું કે આપણા આચરણ એવા પ્રકારનાં હોવા જોઇએ કે જેથી લોકો પ્રશંસા કરે અને આપણે જનસમાજમાં નિંદાને પાત્ર બનીએ નહિ. માણસ જો વિદ્વાન હોય પણ તેનામાં કોઇ જાતનું કુલક્ષણ હોય તો વિદ્યાના પવિત્ર નામને તે કલંકિત કરે છે. નીતિ વિના વિદ્યા કદી શોભી શકતી નથી. હમેશાં ગુણીજન પૂજવા લાયક છે. **गुणाः पूजास्थानं गुणिषु न लिङ्गं नचवयः** પુરૂષ કે સ્ત્રી વૃદ્ધ કે બાળક ગમે તે હોય પણ ગુણ હોય તોજ પૂજાય છે. સદાચાર ઇચ્છનાર મનુષ્યોએ પોતાની ઇંદ્રીઓનો રોધ કરવો જોઇએ. તેને જીતેંદ્રીયપણાનો ગુણ ખીલવવો જોઇએ. નિયમિત જીતેંદ્રિયપણાનો મ્હાવરો રાખ્યાથી સદાચારી થઇ શકાશે અને તેથી ગૃહસ્થાશ્રમ પણ પૂર્ણ કળાએ ખીલી નીકળશે. વિષયાદી વિકારોને ધિમેધિમે નિયમમાં લાવવા પ્રયત્નશીલ થવું.

તે એકદમ દાબી દેવામાં આવે તો ઘણી વખતે આઘાત ને પ્રત્યાઘાતના નિયમ મુજબ ( Law of action and reaction ) વૃત્તિઓ વિશેષ બળથી બીજા રૂપમાં સ્ફૂરી નીકળે છે ને વખતે પરિણામ સારૂં આવતું નથી. નિયમિતતા જીતેંદ્રીય ગુણ પ્રાપ્ત થવાથી સંયમી મનુષ્ય બની શકે છે. મનોનિગ્રહ પણ કરી શકે છે, કોઇ કદાચ કડવા વેણ બોલે તોપણ તેઓ પોતાના મનની શાંતી ખોતા નથી. વખતે દુઃખ આવે તોપણ તેઓ ગંભિરપણે સમતા ભાવે વેઠે છે. પૂર્વસંચિત કર્મોને લીધે સુખદુઃખ પડયા જાય છે એમાં એને અતુલ્ય શ્રદ્ધા હોય છે. કોઇ માણસ પોતાનું અનિષ્ટ કરે કે ભુંડું બોલે તોપણ તે પોતાનાજ કર્મનો વાંક કાઢી સામા ઉપર દયા ચિંતવે છે પણ બીજા લોકોની પેઠે કુતરાની દૃષ્ટિથી જોતો નથી. કારણકે કુતરાને કોઇ લાકડી મારે કે કોઇ પગરખું મારે તો તે પેલી લાકડીને ભસે છે અને ખાસડું કરડે છે પણ મારનારને ભસતો નથી. જો લોકો પોતાનું અનિષ્ટ થએ યાનો પોતાનું કોઇ ભુંડું બોલે બીજા ઉપર ગુસ્સે થાય છે, દ્વેષ ધરે છે તેમ સદાચારી મનુષ્ય કરતો નથી. તે તો પોતાના કર્મને જ અગ્રગણ્ય પદ દરેક બાબતમાં આપે છે એટલુંજ નહિ પણ પોતાના પર જે રોસ કરતા હોય તેમને તેમના દુર્ગુણનું હૃદયના પ્રેમ અને જ્ઞાનનું ભાન કરાવે છે. માટે આ દુનિઆ તેમજ પર દુનિઆમાં પોતાનું સર્વસ્વ રીતે ભલું ઇચ્છવાની ચાહનાવાળા ભવ્ય જીવોએ સદાચારના પંથે ચાલવું અને

અનીતિનો ત્યાગ કરવો એજ શ્રેય છે કારણકે સદાચાર એ છેવટમાં છેવટ અક્ષય સ્થિતિને પ્રાપ્ત કરે છે, અવ્યાબાધ સુખ મેળવે છે અર્થાત્ સિદ્ધદશાને પમાડે છે કારણકે સદાચારથી ઇંદ્રીઓ વશ થાય છે. ઇંદ્રીઓ વશ રાખવાથી કષાય છતાય છે. કષાય છતાયાથી ધ્યાંન થાય છે અને ધ્યાંનથી છેવટે મોક્ષ પ્રાપ્ત થાય છે માટે સદાચાર એજ ખરા સુખનો પાયો છે માટે મુમુક્ષો જનોએ તેને પ્રાપ્ત કરવા અહોનિશ ઉદ્યમવંત રહેવું અને સર્વે સમયે સર્વે સ્થિતિમાં તેને વળગીનેજ રહેવું એજ. લેખકના હૃદયની અભિલાષા છે.

ૐ શ્રી ગુરુ:

---

# मार्गानुसारिना पांत्रीस गुण.

( લેખક. શેઠ મોહનલાલ લલ્લુભાઇ અમદાવાદ ).

( અનુસંધાન અંક ત્રીજાના પાને ૮૯ થી )

કોઈને ઉદ્વેગ ન થાય એવી પ્રવૃત્તિ કરવી. સ્વપક્ષ કહેતાં પુરૂષ જન તથા પરપક્ષ કહેતાં સ્ત્રિજનને તે વિષે કોઇ પણ પ્રકારનો ઉદ્વેગ ન થાય એવી પ્રવૃત્તિ કરવી એટલે જેમ તેમને ઉદ્વેગ ન થાય તેવું મન રાખવું તથા વચન બોલવું કારણ કે ઉદ્વેગથી સમાધિનો લાભ થતો નથી. જો પરને ઉદ્વેગ ઉપજાવવા કારણ પોતે ન બને તો પોતાને અને પરને સમાધિ રહે છે. અને બંનેને કોઇપણ કાર્યમાં તેમજ ધર્મકાર્યમાં વિઘ્ન આવતું નથી.

ભરણપોષણ કરવા યોગ્ય હોય તેનું ભરણપોષણ કરવું. ભરણપોષણ કરવા યોગ્ય એવા જે માતાપિતા તથા પોતપોતાને આશ્રીને રહેલા સગાસંબંધીનો સમુહ તથા સેવકાદિનું સર્વેનું ભરણપોષણ કરવું તેમાં ત્રણ તો અવસ્ય ભરણપોષણ કરવા યોગ્ય છે. માતાપિતા તથા સતિ એવી પોતાની સ્ત્રી તથા બળ નહીં પામેલાં એવાં છોકરાં, શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધ એવા માતાપિતા તથા સતિ એવી ભાર્યા તથા નાના બાળક એ સર્વે સેંકડો દુષ્કર કાર્ય કરીને પણ ભરણપોષણ કરવા યોગ્ય છે એમ મનુએ કહ્યું છે વળી ઘણો વૈભવ હોય તો બીજા પણ પોષણ કરવા યોગ્ય પુરૂષો નીચે પ્રમાણે છે. મહાભારતમાં ભીષ્મપિતા અને યુદ્ધિષ્ટર રાજા તેમના સંવાદમાં ભીષ્મ યુધિષ્ટરપ્રત્યે કહે છે કે હે તાત ! સર્વ પાન્ડવમાં વૃદ્ધ હે, યુદ્ધિષ્ટિર ! ગૃહસ્થ ધર્મમાં રહેલો એમ લક્ષ્મીએ સહીત એવો તુંછું માટે તારે ઘેર પો-

પણ કરવા યોગ્ય એવાં બીજા ચાર પણ નીવાસ કરે. તેને દેખાડે છે કે દરિદ્રિ એવો મીત્ર તથા પ્રજાવિનાની પોતાની બહેન તથા કોઇપણ વૃદ્ધ હોય તે તથા ધન વિનાનો કોઈ કુળવાન પુરૂષ એ ચાર પ્રકારના પણ ઘણી સંપત્તિવાળા ગૃહસ્થને પાલણપોષણ કરવા યોગ્ય છે. વળી તે પોષણ કરવા યોગ્ય એવા વર્ગનો જેમ જેને ઘટે તેમ તેનો વિનિયોગ કરવો. એટલે તેમને ઘટતા કામમાં જોડવાં. ઉપર લખેલા ભરણપોષણ કરવા યોગ્ય વર્ગને ધર્મ સંબંધી કામમાં અથવા બીજા કામમાં જેમ ઉચિત હોય તેમ જોડવાં. જો તે પ્રમાણે જોડવામાં ના આવે તો તેઓ નવરા પડવાથી જુગટુ ઈત્યાદિક વ્યસનમાં પડી જાય અને તેમની શક્તિનો નિષ્ફળ ક્ષય થવાથી તે નિરૂપયોગી થાય એટલે કે તેમના ઉપર જે અનુગ્રહ કર્યો હોય તે પણ ન કર્યા જેવો થાય અર્થાત જેનું ભરણપોષણ કરીએ તેને જરૂર હરેક કામમાં જોડવો અને જો ન જોડીએ તો તે નિશ્ચિંતપણે અનેક પ્રકારના વ્યસનો શીખે અને તેમ થવાથી તે દુર્ગતિનું ભાજન થાય જેનું નિમિત્તકારણ ભરણપોષણ કરનારો થાય વળી ભરણપોષણ કરવા યોગ્ય વર્ગને જે કામ સોંપવામાં આવ્યાં હોય તે હમેશાં તપાસી જવાં કારણ કે તે પ્રમાણે કરવાથી તેઓ તેમને સોંપેલું કાર્ય બરાબર રીતે કરે છે જેથી કરી પોષણ કરનાર પુરૂષનું મન દુખતું નથી અને પોતાનું કાર્ય બરોબર થાય છે. વળી તે પોષણ કરવા લાયક વર્ગનું પરલોક સંબંધી અનર્થ થકી રક્ષણ કરવું જોઇએ. આ લોક સંબંધી તેનું રક્ષણ કરવાથી તેના ચાલતા વ્યવહારમાં ખામી પડતી નથી. તેમજ લોકમાં તેની નીંદા થતી નથી. વળી તેને દુર્જનથી પીડા થતી નથી એમ પરલોક સંબંધી તેનું રક્ષણ કરવાથી તે દુર્ગતિનો ભાજન થતો નથી અર્થાત્ તે સારી ગતિ પામે છે વળી આ પ્રમાણે થવાથી યોગ્ય વર્ગનો તે સ્વામી કહેવાય છે કારણ કે જે યોગ અને ક્ષેમ કરી આપે છે તેને શાસ્ત્રકારો નાથ કહે છે. યોગ્ય એટલે જે ન પામેલી વસ્તુને પમાડે તે અને ક્ષેમ એટલે પામેલી વસ્તુની રક્ષા કરે તે પોષણ કરનાર પોષ્ય વર્ગનું આ બે પ્રકારે સાધન કરી આપવાથી તે તેનો સ્વામી કહેવાય છે કારણ કે તેમનો નિર્વાહ તે કરી આપે છે તેથી નહી પામેલી વસ્તુ તે આપે છે. અને તેથી તેમના નિર્વાહના જેજે સાધનો ઉભા થયા હોય છે તેનું રક્ષણ થાય છે. વળી ધર્મ સંબંધી જોઇશું તો માલુમ પડશે કે તેને ધર્મ સંબંધી કાર્યમાં પોષણ કરનાર જોડે છે અને તે જે જે ધર્મના સાધનો પામ્યો હોય છે તેનું રક્ષણ પણ થાય છે. દાખલા તરીકે એક માણસને એક પોષણ કરનાર પુરૂષ દેવભક્તિ, ગુરૂભક્તિ વિગેરે કાર્યોમાં જોડી તેને વ્યવહારસમકીત પમાડે છે.

આ પ્રમાણે જો તે દરરોજ ભક્તિ કરે તો તેનું વ્યવહાર સમકિત બન્યું રહે છે. જો તે ભક્તિને મુકી દે એટલે પોષણ કરનાર પુરૂષ તેને ભક્તિ કરવામાં બરાબર રીતે ઉદ્યમવંત ન રાખે તો તે ભક્તિમાં ખામી આવવાથી તેણે જે વ્યવહાર સમકિત ઉપાર્જન કર્યું હોય તે પણ જતું રહે છે એટલે વ્યવહાર સમકિતનું રક્ષણ થતું નથી તેથી ઉલટું જો તેની ભક્તિ નિરંતર ચાલ્યા કરે તો તેણે ઉપાર્જન કરેલા સમકિતનું બરાબર રક્ષણ થાય છે અને પ્રાન્તે તે નિશ્ચય સમકિત પામી મોક્ષનો રસ્તો સહેલો કરે છે. આ પ્રમાણે થવાથી પોષણ કરનાર પુરૂષ યોગ અને ક્ષેમ કરાવનારો હોઇ સ્વામીપણાને પ્રાપ્ત થાય છે. આ ઉપરથી એટલું સમજવાનું છે કે પોષણ કરનાર પુરૂષને માથે બે પ્રકારની ફરજો રહેલી છે. એક તો પોષ્ય-વર્ગનો નિર્વાહ કરવો અને બીજું તેમને ધર્મ કાર્યમાં જોડી સદ્‌ગતિના ભાજન કરવા. કેટલાક પુરૂષો એમ સમજે છે કે અમે શ્રાવકોને ધંધે લગાડી તેમનું પોષણ કરીએ છીએ. પરંતુ આમ કરવામાં તેમને સાધ્યબિંદુ ઉપર લક્ષ રાખવાની જરૂર છે. સાધનરહિત શ્રાવકવર્ગનું ખરેખરૂં પોષણ કર્યું ક્યારે કહેવાય કે જ્યારે પોષ્યવર્ગ તેમનો નિર્વાહ ભલી રીતે ચલાવી ધર્માનુષ્ઠાનમાં સારી રીતે જોડાય ત્યારે પરંતુ જો તેથી ઉલટું તે લોકો પ્રથમ જે ધર્માનુષ્ઠાન કરતા હતા તે પણ મુકી દેવાની અગવડમાં આવે ત્યારે તો તેમને અધોગતિમાં નાંખવા જેવું થાય છે. કોરો મોરો નિર્વાહ તો અનુકંપાથી બીજા લોકોનો પણ થઇ શકે છે. પણ સાધર્મી ભાઇઓનો નિર્વાહ કરવામાં કંઇક વિશેષ સાધ્ય દ્રષ્ટિ રાખવાની જરૂર છે. જો તે પ્રમાણે રાખવામાં ના આવે તો ખરેખરૂં સ્વામિવાત્સલ્ય નથી પરંતુ ફક્ત અનુકંપાદાન અગર ઉચીતદાન છે વળી કેટલીક વખતે સાધનહિન શ્રાવક વર્ગને સંસારિક કેલવણી આપવામાં પણ આ દ્રષ્ટિ રાખવામાં આવતી નથી તે પણ મોટી ભુલ છે. જે લોકો ફક્ત સંસારિક કેળવણી આપી અગર અમુક પ્રકારના ઉદ્યોગો શીખવી જૈનોની ઉન્નતિ માને છે અને તેમાંજ અમો સ્વામીભાઇઓનું વાત્સલ્ય કરીએ છીએ એવું માને છે તે લોકો સાધ્ય દ્રષ્ટિ ઉપર પોતાની નજર નહીં રાખવાથી તેવા જૈન વર્ગની ઉન્નતિને બદલે અવનતિ કરે છે કારણ કે ખરી ઉન્નતિ અને સ્વામીવાત્સલ્ય તો તેવા વર્ગને મોક્ષ નજીક લાવ-વામાં રહેલાં છે. પરંતુ જે ઉન્નતિથી તેઓ મોક્ષથી આઘા આઘા જાય છે તે ખરી ઉન્નતિ નથી અને તે પ્રમાણે હોવાથી તેમાં લાભ માનનાર પુરૂષો પણ કંઇ પણ ધાર્મિક લાભ મેળવતા હોય તેમ શાસ્ત્રદ્રષ્ટીથી જણાતું નથી. કદાપિ જો તે પોષ્યવર્ગ નીંદા કરવા લાયક આચરણ કરે તો

પોષણ કરનારે તે બાબતનું જાણપણું કરવું તથા પોતાના ગૌરવપણાની રક્ષા કરવી. મતલબ એ છે કે પોતાના પોષ્યવર્ગની જો વિરૂદ્ધ અનાચરને લીધે લોકોમાં નિંદા થતી હોય તો તેનું સમ્યક્જ્ઞાન રૂડે પ્રકારે સંસય વિપર્યય અને અનધ્યવસાય રહિત જાણપણું કરવું તેમજ પોતાના ગૌરવને હાની ન પહોંચે તેમ તજવીજ કરવી. કદાપિ તેવા પોષ્યવર્ગના પુરૂષને કોઇપણ ઠેકાણે અગ્રેસરપણું આપવામાં પોતાના તરફથી જે તજવીજ થતી હોય તે ન કરવી કેમકે તેમ કરવાથી પોતાના ગૌરવપણાને હાની પહોંચે છે. એટલુંજ નહીં પણ તેવા વિરૂદ્ધાચારી પુરૂષની અનુમોદનારૂપ દોષ આવે છે. અથવા તેવા પોષ્ય વર્ગનું પોતાથી જે ગૌરવપણું થયું હોય તે ગૌરવપણાનું નિવારણ કરવું કેમકે તેમ ન કરે તો તેમ કરવાથી તેના નઠારા આચરણની અનુમોદના થાય છે. અપૂર્ણ.

---

# " दूर जता पुत्रप्रत्ये पितानी शिक्षा "

( " Shakespeare " ના એક કાવ્ય ઉપરથી )

### શાર્દુલવિક્રીડીત છંદ.

ત્હારા શુભ વિચાર માત્ર સર્વે નહિં ન્હાર દર્શાવજે,
તેવા અર્ધ વિચારને કદિ નહિ કાર્યે તું રૂપાવજે;
ત્યાગી સર્વ કુવેણને વરતવું સસ્નેહ સર્વે થકી,
ધીરે સદ્ગુણને કસી કર, પછી સુપૂજ્ય મિત્રાવલી. ૧
સાચા મિત્ર અભંગ તે હૃદયમાં છોને સદા ભોગવે,
કિંતુ મિત્ર પદે સહુ નૃગણને કોદિ નહિં સ્થાપજે;
(He who hath many friends hath none.-Aristotle)
શાણો મિત્ર અનિલ ધીરજ તણો, કલેશ વ્યથા શામશે,
વારે પુત્ર ! સદૈવ તે અનલથી, શ્રી ઇશને પ્રાર્થજે. ૨
ખુલ્લા કાનથી સર્વદા વિચરવું, ખુલ્લા મુખેથી નહિં,
સંગ્રહવું સર્વેતણું કથન, શુભ ધાર્યું કરો આપણું;
ફેશન દૂર કરી સ્થિતિ મન ધરી, વસ્ત્રો રૂડાં ધારવાં,
વસ્ત્રો શુદ્ધ બતાવશે જગતને, સન્માન તારૂં વધે. ૩
લે, દે, કરો ના કદિ જરતણી, તે મિત્રને ત્યાગશે,

તે વ્હેવાર તને સદા કસરથી, શે યોજને રાખશે;

(P. T. O.)

રાત્રિ રશ્મિકાન્તને અનુસરે, (તેમ) આત્મા પ્રતિ તૂં રહે,
(તો) ન્યાયી, નેક થઇ સહુ જનપ્રતિ, શ્રીને સદા તૂં વરે. ૪.

શ્રી જૈનશ્વેતાંબર બોર્ડીંગ
અમદાવાદ. ૧૯-૭-૧૯૧૧

C. K. Shah.

---

# देवी प्रार्थना.

(લેખક. શેઠ. જેશીંગભાઇ પ્રેમાભાઇ મુ. કપડવણજ)

આનંદકારી મહેશ્વરી, ગુણનીધી દેવી પાયે લાગુ;
માગુ માગુ દયાળુ દેવી, આશીર્વચનો માગુ.

**સસલ.**

કરવા ધાર્યું વૃતિ એ જે સત્ય,
દો જ્ઞાન ભારે તેમાં આવે રસ;
વંદુ વારિવારે ન માનો નિરસ,
દો આનંદ ને શાંતિ, દઇને પ્રેમ રસ.

વંદુ વંદુ વાણિ વચને પ્રભાતે ઉઠી વંદુ,
પુષ્પે વધાવી વિજય વિચારી જનેતા દેવિ પાયે લાગુ. માગુ.

---

# तीर्थयात्रानुं विमान ने जैन गुरुकुळ.

**(લેખક. ગાંધી આતમારામ ખેમચંદ સાણંદ.)**

વ્હાલા બંધુઓ ને બ્હેનો !

ઉપરનો લેખ લખતાં પહેલાં શ્રી પંચ પરમેષ્ટીને નમસ્કાર કરીને તથા શ્રી પંચ પરમેષ્ટીને મને ઓળખાવનાર પરમ પૂજ્ય યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજને ૧૦૦૮ વાર વંદણા કરૂં છું.

પરમ પૂજ્ય યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પોતાની પ્રવૃત્તિ સદૈવ સુશ્રાવકોને દર્શાવ્યા કરે છે તે પ્રવૃત્તિનું ફળ “ તીર્થયાત્રાનું વિમાન ” એ છે. ઉક્ત પુસ્તક શ્રીમદે એક સુજ્ઞ શેઠ. જીવણભાઇ ધરમચંદ યાત્રા

કરવા જવાના હતા તે સમયે તીર્થસ્થલમાં યાત્રા કઇ રીતની રહેણી કરણી રાખી શ્રી વીતરાગભગવાન પ્રત્યે સદ્‌ભાવના રાખવી તેના અત્યુત્તમ વિચારો દર્શાવ્યા છે.

શરૂઆતમાં શ્રીમદ **પરિગ્રહની મમતાનો ત્યાગ** એ યાત્રાળુઓનું આવશ્યક કર્તવ્ય છે, વાસ્તવિક છે યાત્રા કરવા જવું તે પાપની વૃદ્ધિ અર્થે નહિ પરન્તુ તેના ક્ષયને અર્થે જવાનું છે. જ્યાં સુધી હૃદયમાં પાપ કરવાની ઇચ્છા હોય ત્યાં સુધી જે પાપનો ક્ષય કરવા માનવી મથે છે તે મિથ્યા છે માટે યાત્રાસ્થલમાં તો પ્રત્યેકે અહંતા ત્યાગ કરી સર્વ વસ્તુનો ત્યાગ કરવો આવશ્યક છે. જ્યારે પરિગ્રહની મમતાનો ત્યાગ જરૂરનો છે ત્યારે દાનની મમતાનું ગ્રહણ આવશ્યક છે. આપણો ધર્મ દાન પરોપકારનો છે ને તેથી શ્રીમદ ઉભય સૂત્રપર વિશેષ ભાર દઇ સમજાવે છે ને તેથીજ પૂજ્યશ્રી **પરોપકારાયસતાં વિભૂતયઃ** એ સૂત્રથી પરોપકારની આવશ્યકતા દર્શાવે છે.

પરોપકાર કરવો ને આપણું કર્તવ્ય છે તીર્થંકરોએ અને મુનિયોએ જગતના ઉપર મોટો ઉપકાર કર્યો છે તેઓ મહા ઉપકારી હતા માટે આપણે પણ પરોપકાર કરતાં શીખવું જોઇએ. સર્વ જીવોના પ્રાણ બચાવવા, તેઓને જે જે સંકટ પડે તેમાંથી ઉગારવા, તેઓના આત્માની ઉન્નતિઅર્થે બોધ આપવો, તેઓનામાં રહેલા દુર્ગુણો ટાળવા, તેઓને અન્ન, વસ્ત્ર, ઔષધ, આત્મજ્ઞાન વિગેરેથી ઉપકાર કરવા કદી ચુકવું નહિ. દરરોજ થોડો પણ ઉપકાર તો કરવો જોઇએ, માટેજ પૂજ્ય શ્રી પરોપકારની જરૂર દેખાડે છે. મહારાજશ્રી કહે છે કે એક વખતમાં હિંદ વિગેરેમાં થઇ ૪૦ કરોડ જૈની હતા ને હાલ ચૌદ લાખ માત્ર રહ્યા છે તેનું કારણ માત્ર પરોપકાર ને દાન દયાની ક્ષીણતા છે. જૈન ભાઇઓ આપણી અધોગતિ તરફ લક્ષ આપવાનું છે, જો દરેક જૈની પોતાની ફરજ સમજી દયા ને પરોપકાર નીમિત્તે જૈન ધર્મનો ફેલાવો કરવા તન--મન--ધનનું સમર્પણ કરે તો અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ કે અલ્પ સમયમાં જૈન ધર્મનો પ્રાચીન રૂપમાં પ્રકાશ પડે એ નિસંશય વાત છે.

યાત્રામાં ભ્રાતૃભાવ એ યાત્રાળુઓનું ચોથું કર્તવ્ય છે જ્યારે ઇન્દ્રિઓનું એકીકરણ થાય છે ત્યારે આત્મા વિશુદ્ધ બને છે તેમ જ્યારે યાત્રાળુઓના આત્માનું એકીકરણ થઇ ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય ત્યારે ધર્મની ઉન્નતિ થાય છે એ નહિ ભૂલવું જોઇએ એ વાતને અત્યારે ઘણા ખરા જૈનો

ભૂલી જાય છે એ અફસોસકારક છે. તેઓ ઘર આગળ તો કદાચ રાગ દ્વેષના અનુયાયી બનતા હશે પરંતુ તિર્થ સમીપમાં પણ રાગ દ્વેષને ભૂલતા નથી એ દિલગીર બનેલું છે. જ્યાં સુધી રાગદ્વેષને અંતઃકરણમાં સમાસ મળશે ત્યાં સુધી ગમે તેટલા પ્રયત્ને પણ જૈન ધર્મની ઉન્નતિ થશે નહિ એ અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ. યાત્રાળુઓએ યાત્રાસ્થલમાં બીલકુલ રાગદ્વેષનો ત્યાગ કરી અન્ય ધર્મને પોતાનું શ્રેષ્ઠત્વ બતાવી આપવાની જરૂર છે વળી ખાત્રીપૂર્વક સમજવું કે તીર્થ યાત્રાનું ફલ રાગ દ્વેષના ત્યાગ સિવાય કદી પ્રાપ્ત થતું નથી. દરેક યાત્રાળુઓએ સમજવું જોઇએ કે આપણે બધા જૈન ભગવાનનાજ પુત્રો છીએ. યાત્રા કરવી એ કાંઇ પગે લાગી પાછું આવવાનું નથી પરન્તુ તત્વજ્ઞાનપૂર્વક વિચાર કરી યાત્રાની સફલતા કરવાની જરૂર છે. જૈન તત્વજ્ઞાન એટલું સહેલું નથી કે ક્ષણવારમાં શીખી શકાય તેને માટે તો બહુ સમય જોઇશે. પ્રત્યેક યાત્રાભિલાષીએ આ નહિ ભૂલવું જોઇએ. મને લખતાં બહુ દિલગીરી થાય છે કે કેટલાક જૈન બંધુઓને " આ જગત્ કોણે રચ્યું " એમ સવાલ પૂછતાં " ઇશ્વરે " એ ઉત્તર મળે છે, જ્યાં પ્રથમજ ગ્રાસે મક્ષિકા છે ત્યાં પેટ ભરવાની તો વાત ક્યાંથી હોય, જ્યારે શરૂઆતમાંજ આવું અજ્ઞાન છે ત્યાં આગળ વધવાની શી વાત કરવી ને તે ખાતર શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ " જૈન ગુરૂકુળની " આવશ્યકતા દર્શાવે છે. હે જૈન બંધુઓ ! જો આપણે જૈન ધર્મની ઉન્નતિ કરવી હોય અને આપણા જૈન બંધુઓને અન્ય ધર્મમાં જતા અટકાવવા હોય તો પૂજ્ય મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજીએ જૈન ગુરૂકુળને માટે વિચાર જણાવી આપણા જૈન બંધુઓનું ધ્યાન ખેંચ્યું છે તે ખરેખર વિચારવા યોગ્ય છે ને તેથીજ આપણો અભ્યુદય થવા સંભવ છે ને તેને માટે જે ધ્યાન આપણા જૈન બંધુઓનું ખેંચ્યું છે તે તેમની યોજનાને માન આપી વધાવી લેવી તે તમામ જૈનબંધુઓની ફરજ છે. ભૂતકાળમાં જૈનગુરૂકુળ હોત તો આપણી કોમના મનુષ્યો અન્ય ધર્મમાં જાત નહિ અને ભવિષ્યમાં પણ અન્ય ધર્મમાં ન જાય તેને માટે " જૈન ગુરૂકુળ " ની અત્યંત આવશ્યકતા છે. હે બંધુઓ ! ચેતો, આપણી કફોડી સ્થિતિ જોઇ અન્ય ધર્મના મનુષ્યો ફાવી જાય છે માટે આત્મભોગ આપી લાખો રૂપિઆ એકઠા કરી તે યોજનાને વધાવી લ્યો, આપણા જૈન બંધુઓ માન ચડસા ચડસી, કીર્તિ, નાવતરામાં લાખો રૂપિઆ ખરચે છે પરન્તુ તેટલા પૈસા જો જૈન ગુરૂકુળ બાબત ખર્ચાય

તો ઘણોજ લાભ થવા સંભવ છે. પરન્તુ મહારાજશ્રી કહે છે તેમજ જૈન બંધુઓના મનમાં શ્રી મહાવીર પ્રભુ બરોબર વસ્યા નથી, જો મહાવીર પ્રભુ વસ્યા હોત તો જરૂર ધર્માભિમાન વ્યાપ્યા વિના રહેત નહિ. દક્ષિણમાં ત્રણસેં વર્ષ પહેલાં ઘણા જૈનો હતા પણ તે જ્ઞાન વિનાનાજ જૈનો હતા તેથી અન્ય ધર્મના વિદ્વાનોએ મહાદેવ ના ભક્ત બનાવી દીધા. ઉપરનાં તેમનાં વાક્યો શું સૂચવે છે ? વિચારો ! તેઓ કહે છે કે જૈન ગુરૂકુળની આવશ્યકતા છે. જૈન ગુરૂકુળમાં પણ તત્વ જ્ઞાનની વધારે જરૂર છે. આપણા જૈનબંધુઓને તત્વજ્ઞાન સારી પેઠે શીખવવામાં આવશે તોજ લાભપ્રદ છે. તત્વજ્ઞાન સારી પેઠે શીખવ્યા સિવાય જૈનધર્મની ઉન્નતિ છેજ નહિ માટે હે જૈન બંધુઓ ! તેમજ પુજ્ય મુનિવરો અને શાશનનાયકો ( રક્ષકો ) ! આ કામ સકળ સંઘનું છે માટે આપણા જૈન પુત્રોની દાઝ હોય તો ગુરૂકુળ ખોલો ને મદદ કરો અને તેને ઉચ્ચ સ્થિતિએ મુકો. આ બાબતનો શ્રી કોન્ફરસે પણ પ્રયાસ કરવાની જરૂર છે ને તેને માટે ઉપદેશકો રાખી સુકૃત ભંડારની પેઠે આવા ખાતામાં પણ રકમ ઉઘરાવવી તે વધારે જરૂરનું છે. એક ખ્રીસ્તીબાનુએ ખ્રીસ્તી બનાવવા સારૂ આઠ કરોડ રૂપિઆ આપ્યા છે ને તેની મોટી મોટી સંસ્થાઓ પણ કાઢી છે. કેટલાક હિન્દુઓ પણ ખ્રીસ્તી ધર્મમાં ગયા છે. લાખો રૂપિઆ ખર્ચી મનુષ્યોને ભણાવી હુન્નર ધંધા શિખવી ખ્રીસ્તી ધર્મની ઉન્નતિ કરે છે, ત્યારે જૈન જેવી ઉંચ કોમમાં પણ ખાસ આ ઉપરથી પણ જૈન ગુરૂકુળ સ્થાપવાની ખાસ જરૂર છે. જૈનોમાં વિદ્વાન જૈનોનો ટોટો છે પણ જો જૈન ગુરૂકુળ સ્થાપવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓને તેવા બનાવી શકાય. જૈન ગુરૂકુળ બાબત મહારાજ નીચે મુજબ કહે છે. 'વહોરો શેઠે, વાણીઆ વરઘોડેની પેઠે વણિક તરીકે બનેલા જૈનો વરઘોડા અને નાતવરા આદિમાં લાખો રૂપિઆ ખરચે છે. જૈન ધર્મની ઉન્નતિ માટે ચમડી તુટે પણ દમડી ન છૂટે જેવી ગતિ આચરે છે અહો ! જૈનોનું મન ક્યારે સુધરશે ? આવા જૈનો જૈનમંદિરમાં જઇને કહે છે:--અહો દિનાનાથ, શી ગતી થાશે અમારી; એ વાતે મન લલચાણું વહાલા, એક કંચન દુજી નારી આવી રીતે બોલ્યા કરે છે. પણ તેનો અર્થ સમજી જૈન ધર્મના ઉદ્ધાર માટે કોઈ વિરલાજ ભોગ આપે છે. જે જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ આપતો નથી તે તીર્થંકરોની આરાધના બરાબર સમજતો નથી. જેઓની નસેનસમાં જૈનધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી એવા જૈનો જન્મીને કોઇનું ઉકાળી શકતા નથી. બંધુઓ ! આપણા બાપદાદાઓએ

જૈન ધર્મના માટે તન મન ધન અર્પણ કર્યાં હતાં. લોકો રેડાતાં છતાં પણ હજારો દુઃખો ખમી જૈન ધર્મની ઉન્નતિ કરી સંપૂર્ણ જીંદગી ગુમાવી હતી તેવાઓના આપણે વંશજો આજ દીલાદપ જેવા થઈ ગયા છીએ. જે આપણા પૂર્વાચાર્યોએ શ્વાસોશ્વાસ પણ નકામો ગાળ્યો નહોતો, જૈન ધર્મની ઉન્નતિ માટે યાહોમ કરી પડયા હતા, હજારો દુઃખો સહન કર્યા હતાં. નિરાંત વાળી જરા માત્ર પણ બેઠા નહોતા. કંચન અને કામીનીથી ન્યારા રહી જૈન ધર્મનાં બીજો વાવ્યાં હતાં. શંકરાચાર્યના વખતમાં ઘાંચીની ઘાણીઓમાં કચરાયા હતા તોપણ પોતાનો ધર્મ ફેલાવવા પાછી પાની કરી નહોતી ને ખરેખરો પુરૂષાર્થ બતાવ્યો હતો તેવાઓના વંશજો હાલ કેવી સાંકડી સ્થિતિમાં આવી પડયા છે. તે વિચારતાં એક મોટો નિશ્વાસ મૂકવો પડે છે. સર્વ ધર્મોની હરિફાઇનો વખત આવી પહોંચ્યો છે હવે ચેતો !!!

અહા ! ઉપરનો મહારાજશ્રીનો અથાગ બોધ શું સૂચવે છે તે વિચારો અને તે પ્રમાણે વર્તન કરવા દરેક બંધુઓ તત્પર તૈયાર થાઓ. હે વીર પ્રભુ ! તારા શાશન રક્ષકો તેમજ તારા પુત્રોને સારી બુદ્ધિ આપ અને ભવિષ્યમાં જૈનગુરૂકુળ જેવી સંસ્થાનો વિચાર પાર પાડ. છેવટે હું લેખ પૂર્ણાહુતીમાં વાંચકો પ્રત્યે લેખમાં કોઈ ઠેકાણે થયેલ ભૂલની ક્ષમા ઇચ્છી આટલેથી વિરમું છું. ॐ શ્રી ગુરુઃ

---

# દયાનું દાન કે દેવકુમાર.

## ( લેખક. પુણ્ડરીક શર્મા. )

( અનુસંધાન ગત અંકના પૃષ્ઠ ૧૨૧ થી. )

" મારૂં અનુમાન શું ખોટું છે ? રાજદરબારમાં તો બધાં તાળીઆં માણસોજ હોય. " મખકીએ કહ્યું.

" હશે તેમ. જેમ તમે ધારો તેમ ખરૂં. નજાતું ઓસડ નથી. " નવેલિકા બોલી.

" પણ યાદ રાખવું કે અમારા જેવા પણ કોઈ દહાડો કામના છે હો ? "

" અરે ! મ્હારા મહેરબાન ! કોઈ દહાડો શું આજજ કામ છે ને ? શું આમ કરી જશો કે ? " નવેલિકા ગભરાઇને બોલી.

" ગભરાઓ નહિ, આતો લગાર મશ્કરી. તમારા નામ પરતો આ

આખું શરીર કુરબાન છે. પણ હવે બોલ્યું વચન પાળજો હો કે ? ” મખજીએ કહ્યું.

“ મખજીરાજ ! યૌવનાવસ્થાની ભરતીઓટ અસ્થિર ને અનિયમિત હોય છે એટલે કદાચ ઉદ્વેગકર કે અનુદ્વેગકર પણ હોય ” નવેલિકા બોલી.

“ હશે એતો કદાચ હોય પણ તેથી ભરતીઓટ નથી થતી એમ તો ન સંભવેને ? ”

“ અરે, એ શું બોલ્યા મારા જીવનનું અવલંબન આપ સિવાય બીજું કોણ હોઇ શકે ? નવેલિકાએ હાલ તુરતને માટે તો મખજીને માખણ ચટાડ્યું.

“ અરે શાબાશ નવેલિકા શાબાશ ! ! ! ” મખજી ફુલીને ફાળકો થયો.

“ હવે પણ આપણા ધારેલા કાર્યમાં કંઇ હરકત ના આવવી જોઇએ. ” નવેલિકાએ પ્રસ્તુત વિષય ઉપાડયો.

“ હરકત નહિ સવારમાં ગમે તે પ્રકારે દેવકુમારને મળીશ. તમારે તો કામ સારધાર થયું એમજ સમજવું, રાણી માતાને કહેવું કે બેફીકર રહે. ” મખજીએ હિમત આપી.

“ પણ એમ કુમાર સ્મશાનમાં આવે એવા નથી. બહુ યુક્તિપુરઃસર કામ લેવું જોઇશે. ” નવેલિકાએ અગવડ દર્શાવી.

“ તમારે તેનું શું કામ છે. કામ તમારૂં ફલીભૂત થાય એટલે બસ, મખજીએ કહ્યું.

“ બસ અમારે તો એટલુંજ જોઇએ છીએ. ”

“ મધરાતના મહારાજા સ્મશાનમાં આવે ત્યારે કુંવર મંત્રસાધના કરતા હશે. માટે મહારાજાને ખબર આપી દેવી કે કુંવરની નજીક ન આવતાં દુરથીજ નિહાળી ચાલ્યા જાય, નહિતો તેઓની જીંદગી જોખમમાં આવશે. ” મખજીએ બ્હીક બતાવી.

“ નિશ્ચિંત રહો, અમો સાથે વિશ્વાસુ માણસો રખાવીશું ” નવેલિકા બોલી.

“ એ માણસોમાંથી પણ એકે મંત્રભૂમિમાં ના આવવો જોઇએ. ” મખજીએ બીજી સુચના કરી.

“ એમ થશે. રાણી સાહેબનું ને તેમના કુંવરનું જીવન આપના હાથમાં છે એટલે અમારે તો તમારાપરજ વિશ્વાસ છે પણ હવે બહુ વખત થયો, બા સાહેબ રાહ જોતાં હશે. ” નવેલિકાએ કહ્યું.

## બોર્ડીંગ પ્રકરણ.

આ માસમાં આવેલી મદદ.

| | | |
|---|---|---|
| ૫૦-૦-૦ | શેઠ દલસુખભાઇ લલ્લુભાઇ | માણસા. |
| ૨૫-૦-૦ | મરનાર શા. કેવળદાસ હિરાચંદની વાલી બાઇ જડી તે શા. મુલચંદ છજુની વિધવા હ. શા. હિરાચંદ સજાણજી. | અમદાવાદ. |
| ૨૦-૦-૦ | રા. રા. વેલચંદભાઇ છગનલાલ બેન્કર્સ. | વડોદરાકાંપ. |
| ૫-૦-૦ | બાઇ જાસુદ શા. રતનચંદ પ્રેમચંદની દિકરી હ. શા. લલ્લુભાઇ ગોકળદાસ. | અમદાવાદ. |
| ૪૦-૦-૦ | ચોકસી ફોલાભાઈ ઉજમશી હ. શા. પુનમચંદ ગોરધનદાસ. | અમદાવાદ. |
| ૧૦-૦-૦ | એક સદ્‌ગૃહસ્થ હ. શા. હરિલાલ રતનશી. | કોઠ. |
| ૨૫-૦-૦ | દોશી માધવજી રેવાજી બા. ભાઇ મણિલાલના શુભ લગ્નની ખુશાલી માટે વિદ્યાર્થીઓને લાડુના જમણ સારૂ. | વડાલી. |
| ૨૫-૦-૦ | બાઇ દિવાળી તે શા. છોટાલાલ મોતીચંદની વિધવા હ. શા. બાલાભાઈ કકલભાઇ. | અમદાવાદ. |
| ૧૫૬-૦-૦ | શ્રી મુંબાઇમાં વસતા નીચેના સદ્‌ગૃહસ્થોએ દર માસે નીચે મુજબ મદદ આપવા કહેલી તે પૈકી પહેલા માસની રકમ નીચે પ્રમાણે મળી છે. હા. ઝવેરી સારાભાઇ ભોગીલાલ. | |

| | |
|---|---|
| ૧૧-૦-૦ | ઝવેરી ચંદુલાલ છોટાલાલ. |
| ૧૧-૦-૦ | ઝવેરી સારાભાઇ ભોગીલાલ. |
| ૧૦-૦-૦ | ઝવેરી મણીલાલ સવચંદ. |
| ૭-૦-૦ | પરચુરણ દલાલો તરફથી હા. ઝવેરી અમૃતલાલ મોહલ્લાલભાઇ. |
| ૧૦-૦-૦ | ઝવેરી અમૃતલાલ મોહલ્લાલભાઇ. |
| ૧૦-૦-૦ | ઝવેરી લાલભાઇ સારાભાઇ. |
| ૧૦-૦-૦ | ઝવેરી માણેકચંદ કપુરચંદ. |
| ૧૦-૦-૦ | ઝવેરી ઉદયચંદ ભાયચંદ. |
| ૭-૦-૦ | ઝવેરી અમૃતલાલ કાળીદાસ. |
| ૧૦-૦-૦ | ઝવેરી મોહનલાલ હેમચંદ. |
| ૧૦-૦-૦ | ઝવેરી ભોળાભાઈ બાપાલાલ. |

૧૦-૦-૦ ઝવેરી ભોગીલાલ મોહલ્લાલભાઇ.

૧૦-૦-૦ ઝવેરી લાલભાઇ મગનલાલ.

૧૦-૦-૦ શેઠ. મગનલાલ કંકુચંદ.

૫-૦-૦ ઝવેરી જગાભાઈ ભોળાભાઇની કું૦

૫-૦-૦ ઝવેરી મોહલ્લાલભાઇ ગોકળદાસ.

૧૦-૦-૦ ઝવેરી હાથીભાઇ મગનલાલ.

૧૫૬-૦-૦

૨૫-૦-૦ ઝવેરી કેશવલાલ હરિભાઇની કંપની તરફથી બા. દર સાલ આપવા કહ્યા તે પૈકી પહેલા વરસના હા. ઝવેરી સારાભાઇ ભોગીલાલ. મુંબાઇ.

**ચોપડીઓ**—રા. રા. શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી. ગુજરાતી ઇન્ડુ ઈંગ્લીશ પોકેટ ડીક્ષનરી ન. ૩૧) બા. વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે. અમદાવાદ.

# ઉદારતાનું સ્તુત્ય પગલું.

આ બોર્ડિંગ કેટલા વખતથી નાણાં સંબંધી તંગી ભોગવે છે તે વાત જાણીતી છે, તેવે પ્રસંગે જે કાંઇ મદદ આ સંસ્થાને આપવામાં આવે તે ખરેખર ઘણીજ કિંમતી લેખી શકાય, અને તે મદદ આપનારાઓનું પગલું ઘણુંજ સમયસુચક અને સ્તુત્ય ગણી શકાય. અમને જણાવતાં અતિ આનંદ થાય છે કે મુંબાઇમાં રહેતા જૈન ઝવેરીઓએ વખતસરની મદદ આપી આ સંસ્થાને પોતાના આભાર તળે મૂકી છે. તેઓએ કેળવણી અને ધર્મજ્ઞાન આપવાના ઉત્તમ સાધનરૂપ આ બોર્ડિંગને મદદ કરી મોટું પુણ્ય ઉપાર્જન કર્યું છે, અને તેઓએ બીજાને અનુકરણીય દૃષ્ટાન્ત બેસાડયું છે. ઉપર જ-ણાવેલા ગૃહસ્થોએ દર માસે અમુક રકમ આપવા કબુલ્યું છે. મોટા વેપા-રીઓને આવી રકમ કાંઇ હિસાબમાં પણ ગણાય નહિ, પણ 'ટીપે ટીપે સરોવર ભરાય! ને કાંકરે કાંકરે પાળ બંધાય' એ ન્યાયે આવી મદદથી આ સંસ્થાને બહુ સારી મદદ મળી છે; આ સદ્‌ગૃહસ્થોને પોતાના જૈન ભાઈ-ઓને મદદ આપવાના આવા ઉદાર કામ સારૂ ખરા અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ, અને બીજા સખી ગૃહસ્થોને પણ માસિક કે વાર્ષિક કાંઈ ને કાંઈ રકમ આ બોર્ડિંગને આપવા સવિનય વિનવીએ છીએ. આ સંસ્થા સર્વ જૈન બાળકોના હિતાર્થે છે, તો સર્વે ભાઇઓ તે કામને યથાશક્તિ મદદ કરવા પાછી પાની ધરાવશે નહિ.

( મદદ આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ બોર્ડીંગ પ્રકરણમાં આપવામાં આવ્યાં છે ).